# અધ્યાત્મ



વર્ષ : ૪૮, ડિસેમ્બર ૨૦૨૫, અંક : ૩

# ॥ એકાંતવાસી યોગીને ॥

ગિરિની એકાંત ગુફામાં તેં વાસ કર્યો ને સારોયે સમય મૌન રાખીને સતત સાધનામાં પસાર કર્યો; પણ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું?

એવી શકિત મેળવી કે પર્વતોને પણ હલાવી શકે ને કોઇ તારી મર્યાદાની બહાર ના રહી શકે; પરંતુ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું?

તેં સર્વ કાંઇ મેળવ્યું - જ્ઞાન પણ; પરંતુ પ્રેમ ના મેળવ્યો, ને જડ કે નિશ્ચલ બનીને સમાધિમાં જ મસ્ત રહેવાનું પસંદ કર્યું; પણ મનના મધુર બીનમાં માનવ જાતિની અનુકંપાનો ભાવ ના ભર્યો; તારો યોગ શું કામનો?

જે રડે છે ને કકળાટ કરે છે, તેમને તું રડતાં બંધ કર ને શાંતિ આપ, ને જે ભૂખ્યાં છે, તેમના મુખમાં રોટીનો ટુકડો મૂક. બંધાયેલાનાં બંધન તોડવા તારા શરીરને પણ હોડમાં મૂક, ને જે અસહાય ને અપંગ છે, એમનો આધાર બન!

અરે પ્યારા યોગી, ઇશ્વરનું દર્શન તો તું કરી ચૂક્યો, પરંતુ તેના સુંદર, મંગલ ને એટલા જ સત્ય એવા આ વિશ્વરૂપને ના સમજ્યો!... બોલ, તારો યોગ વધારે શા કામનો?

- પૂ. શ્રીયોગેશ્વરજી
('અનંતસૂર' કાવ્યસંગ્રહ)

|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||


**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ અહીં સ્વર્ગ—અહીં નર્ક ॥

એક સૈનિક ઝેન મહાત્મા હાકીનને મળવા આવ્યો. સૈનિકે પ્રશ્ન કર્યો : 'સ્વર્ગ અને નર્ક સાચેસાચ છે ખરાં ?'

હાકીન : તમે કોણ છો ?

સૈનિક : હું લશ્કરનો સરદાર છું, યોદ્ધો છું.

હાકીન : તું અને વળી યોદ્ધો ? તું સૈનિક જેવો લાગતો નથી. સાવ ભિખારી જેવો દેખાય છે. તને વળી લશ્કરની સરદારી કોણ આપવાનું ?

આ સાંભળતાં જ સૈનિકનો પિત્તો ઊછળ્યો. તે રાતોપીળો લઈ ગયો. તલવાર ખેંચવા લાગ્યો કે તરત જ હાકીન બોલી ઊઠ્યા : 'એમ, તો તારી પાસે તલવાર પણ છે ? પણ એવી બુઠ્ઠી તલવારથી તું શું કરવાનો ? તારી તાકાત નથી કે મારું માથું કાપી શકે.'

સૈનિકનો ગુસ્સો આસમાને ચઢ્યો. હવે તે પોતાની જાતને કાબૂમાં રાખી શક્યો નહિ. મહાત્માનાં વેણ સહન કરી શક્યો નહિ. એકદમ તેણે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી. તો જોતાં જ હાકીન કહે : 'બરોબર ! હવે નરકનો દરવાજો તું જ ખોલી નાખ !'

આ સાંભળી સૈનિક ચમક્યો ! ભાનમાં આવ્યો. વિચાર કરવા લાગ્યો કે ખરેખર તો પોતે આ મહાત્મા પાસે નર્ક-સ્વર્ગ વિશે નવું શીખવા માટે આવ્યો છે, નહિ કે નવું પાપ કરવા. આમ વિચારી તેણે તલવાર મ્યાનમાં સરકાવી દીધી. હાકીનને નમી પડ્યો. એની આંખ ભીની થઈ ગઈ.

હાકીન : 'બરોબર ! હવે સ્વર્ગનો દરવાજો ખોલી દે !'

**—ઝેનકથા**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||    || ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ||

# || ડિસેમ્બર–૨૦૨૫ ||

સંત કરુણાના સાગર જ નથી કેમકે સાગરને તો કિનારો હોય છે. એની કરુણાનો કોઈ કિનારો નથી, એ અસીમ હોય છે. પરમ પૂજ્ય શ્રી'મા' એટલે જ કહે છે; 'સગી 'મા' પણ નવ મહિના પછી બાળકના ગર્ભને રાખતી નથી, ત્યજી દે છે. પરંતુ આ 'મા'ની તો રાખ પણ તમારી રક્ષા કરશે.'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી‘મા’ સર્વેશ્વરી | ૮ |
| ૨ | દક્ષિણ યાત્રાના આઠ દિવસ | ” | ૧૧ |
| ૩ | એકાદશી વ્રતથી વૈકુંઠ | શ્રીયોગેશ્વરજી | ૧૭ |
| ૪ | ‘સપ્તાહો’થી લાભ | ” | ૨૨ |
| ૫ | અરુણાચલ શિવનો મહિમા | શ્રીતરલા દેસાઈ | ૨૫ |
| ૬ | અરુણાચલ પર્વતનું માહાત્મ્ય | સંકલન | ૨૮ |
| ૭ | ‘અક્ષરમણમલૈ’ કૃતિનો પરિચય | ” | ૩૪ |
| ૮ | અવતાર એક રહસ્ય | શ્રીભાણદેવજી | ૩૮ |
| ૯ | જીવન જો એક ખેલ હોય તો તેના નિયમો | શ્રીકાર્ટર સ્કૉટ | ૪૯ |
| ૧૦ | કાર્ય એટલે મૂર્તિમંત પ્રત્યક્ષ પ્રેમ | શ્રીઈન્દિરાદેવી | ૫૨ |
| ૧૧ | સુભાષબાબુના ઘરે | શ્રીપરમાર્થી | ૫૩ |
| ૧૨ | બંદૂકની ગોળી કરતાં પ્રેમ અધિક સુંદર નથી ? | શ્રીગુણવંત શાહ | ૫૮ |
| ૧૩ | ડ્રાય ફાસ્ટિંગ | ડૉ.સર્જી ફિલોનોવ | ૬૦ |
| ૧૪ | વ્યક્તિગત સાધનાપર્વ | શ્રીઅશ્વિન કાકા | ૬૩ |

## નિવેદન : 'પ્રકાશના પંથે'નું પ્રકાશન-(તા.૨૪ ડિસે. ૧૯૭૭)

## (એક પ્રશિષ્ટ આત્મકથાનું અવતરણ)

પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી રચિત 'પ્રકાશના પંથે' આત્મકથા એક મહાન સંતના આધ્યાત્મિક અનુભવોની એક અનોખી સંહિતા છે. આ કૃતિ પરમ પ્રકાશના સાક્ષાત્કારના પવિત્ર પંથનો પરિચય કરાવે છે જે હજારો સાધકોને આ પંથના પ્રવાસની પ્રેરણા આપે છે.

'પ્રકાશના પંથે' શીર્ષકમાં જ સ્પષ્ટ અર્થસંકેત છે કે, અહીં આત્મકથાકારે એક પથિકની કથની ન આરંભતાં સીધો પંથનો જ મહિમા મૂર્ત કરવા ચાહ્યો છે. તેથી અહીં અહમ્ ઉભરાતું નથી, આત્મતત્ત્વ છલકાય છે.

પ્રકાશ કોઈનો ઈજારો નથી. એ બંધ તિજોરીરૂપે પણ નથી, ખુલ્લા પંથરૂપે છે. જે ચાહે તે ગતિ કરી શકે. જેનાં ચરણ અહીં સ્થિત થાય તેને પંથ સહજ આવકારે, ગતિ માટે પ્રેરે. પરંતુ આ પંથ પર ડગલુ માંડતાં પહેલાં પથિકે સમજી લેવાનું છે કે 'પ્રકાશનો પંથ' ખરેખર તો 'અગ્નિપથ' છે, જેમાં સર્વસ્વ ઈંધણરૂપે હોમી દેવાનું છે. પ્રકાશની પ્રાપ્તિ, આત્મજ્ઞાનની ઉપલબ્ધિ એનું ચરમ લક્ષ્ય છે પણ અનેક તડકા-ભડકા-જ્વાળાઓમાંથી શરીર-મનને પસાર થવાનું છે. જે ઈંદ્રિયોની ગરમી, દાહકતા સહી શકે તે જ પ્રકાશ પામી શકે. કહ્યું છે ને ? 'પ્રેમપંથ પાવકની જ્વાળા, દેખી પાછા ભાગે જોને, હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.' એટલે કરોડોમાં કોઈ એકને જ 'પ્રકાશના પંથે' પ્રયાણ કરવાનો વિચાર આવે છે. આખા જીવનને પડકારમાં રૂપાંતરિત કરી દેવાની ક્ષમતા જેનામાં છે તેને જ એ પરમ અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

જે કંઈ બહિર્ગત છે. તેને સળગાવી દેવાથી જ અંતર્ગત પ્રકાશ પ્રાપ્ત થાય છે.

એટલે જગત જેને 'પ્રકાશના પંથે' સદ્‌ગ્રંથરૂપે પામે છે તે હકીકતમાં મહાત્મા શ્રીયોગેશ્વરજીના 'આત્માનો ઉજાસ' છે. તેથી એને ચીલાચાલુ આત્મકથા ન ગણતાં એક વિશિષ્ટ આત્મકથાના સ્વરૂપ તરીકે જ નિહારવી પડે. આવા અનુપમ સદ્‌ગ્રંથને પ્રણમી, આવો ! એના સર્જકશ્રીના શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ કરી ધન્ય બનીએ.

# ।। શ્રીયોગેશ્વરકથામૃત ।।

## તા.૧૨/૬/૧૯૮૩, રવિવાર. જેઠ સુદ એકમ, વિ.સં.૨૦૪૦
## સ્થળ : મસૂરી.

આજે સવારે સ્નાન, વ્યાયામ બાદ પૂ.શ્રી માળા લઈ આંટા મારે છે. આજે ગંગોત્રી યાત્રાનો એક યાત્રી શ્રીકલોલા (કલ્યાણ) મોરબી જનાર છે. જેથી તેને ક્યાંથી બેસવાનું, ક્યાં ભોજન માટે જવાનું વગેરે છેવટની સૂચના પૂ.શ્રી આપે છે.

કલ્યાણ પ્રણામ કરીને વિદાય લે છે. પૂ.શ્રી કહે છે, 'અન્નજળ બળવાન છે. છેવટે એ પણ ગયા. બધા કરતાં ભાવનાવાળા એટલે આટલું પણ રહ્યા. યાત્રામાં સાથીદારો સાથે કંઈ અનુકૂળતા રહેતી નથી. ઉપાધિનો પાર નથી. નથી ખાવાનું ઠેકાણું, ન મળે આરામ, ન તો લેખન થાય. જીવનનો ક્રમ જ આખો ઉલટો થઈ જાય. હવે તો યાત્રા કરવી જ નથી. શું જોવું છે ? બધું જ જોવાઈ ગયું છે.'

બપોરે ખીચડી, શાકના ભોજન બાદ મુલાકાત સમયે દહેરાદૂનથી શ્રીલલિતાપ્રસાદ ને બીજા ત્રણ ભાઈઓ આવે છે. પ્રણામ કરી બેઠા છે.

શ્રીલલિતાપ્રસાદે કહ્યું : બધા ચાલ્યા ગયા ?

પૂ.શ્રી : હા.

શ્રીલલિતાપ્રસાદ : આટલા જલ્દી જતા રહ્યા ? કલ્યાણ પણ ગયા ?

પૂ.શ્રી : હા. જેવા જેના ઋણાનુબંધ. દાણાપાણી પૂરા થયા એટલે ચાલવા માંડે. વળી પાછા મળે, પાછા જાય ને છેવટે એક દિવસ કાયમ માટે જાય. આ જાય તેમાં કાગળનો, તાર,

ટેલિફોનનો સંબંધ રહે છે, પાછા મળાય પણ છે. જ્યારે પેલું જવાનું થાય ત્યાંથી તો સમાચાર જ ન મળે, ન મળવાનું પણ બને ! દહેરાદૂન અમે પણ તમારે ત્યાં રહ્યા ને અહીં આવ્યા જે એ પેલા કાયમ માટે જવાની પ્રેક્ટિસ જેવું જ છે ને ! એક દિવસ બધાથી છૂટા પડીને જવાનું જ છે. વરસમાં એક-બે વાર સ્વજનોથી છૂટા પડવાનું રાખવું જ જોઈએ. જેથી જે સંબંધોમાં માયા, મમતા છે તે હળવી થાય. ને જ્યારે કાયમ માટે જવાનું થાય ત્યારે બહુ દુઃખ ન થાય.

એક ભાઈ : મહારાજ, આપ અમારા મંદિરમાં આવો.

પૂ.શ્રી : તમારી બાજુના કોલાગઢમાં તો હું રહ્યો છું. પાણી ઉપર મારા ઉપવાસો શ્રી....ને ત્યાં થયા હતા. એક વાર તેઓ મને સવારની બસમાં તેમને ગામ લઈ જવા આવનાર હતા. મેં કહ્યું, 'હું સવારની પહેલી બસમાં નથી આવવાનો. હું તો બપોર પછીની બસમાં જ આવીશ. છતાં તે ભાઈ લેવા આવી ગયા. મારા નિર્ણય પ્રમાણે હું બપોરની બસમાં જ નીકળ્યો. તેઓ પણ મારી સાથે જ આવ્યા ને માર્ગમાં ગરનાળું આવ્યું. ત્યારે તેઓ કહેવા લાગ્યા, સારુ થયું સવારે ન આવ્યા તે. કારણ સવારની પહેલી બસ પાણીમાં ફસાયેલી હતી.'

તે ભાઈ સારા માણસ હતા. તેમના પોતાના દીકરાનાં લગ્ન લેવાયા, બધી તૈયારી થઈ ગઈ ને આગલે દિવસે દીકરાએ કહ્યું, મારે નથી પરણવું. પિતા તરીકે તેમને એ વાતનો ખૂબ આઘાત લાગ્યો. મારી પાસે ઋષિકેશ આવ્યા. મને કહે, 'મારે સંન્યાસ લેવો છે.' મેં કહ્યું, 'દીકરાએ લગ્નની ના પાડી તે કારણે તમે સંન્યાસ લેવા માંગો છો તો તમારો એ સંન્યાસ ટકશે નહિ. છ માસ પછી ફરી તમારો દીકરો લગ્ન માટે હા પાડશે ત્યારે તમારા

સંન્યાસનું શું થશે ?' ને સાચે જ છ માસ પછી દીકરાએ લગ્ન કર્યું !

પૂ.શ્રીએ આજે સરસ વાતો કરી. સમય થતાં સૌ છૂટા પડ્યા. સાંજે પાંચ વાગ્યે ફરવા ગયા. શ્રીલલિતપ્રસાદ સાથે હતા. માર્ગમાં કોઈનું મકાન બતાવી પૂ.શ્રીએ કહ્યું, 'એમણે મકાન તો બનાવ્યું પણ એક જ વરસ રહી શક્યા. ઘણી મોટી ઉંમરે મકાન બનાવે પછી એમાં રહેવાનું થોડું જ બને. યુવાનીમાં જ બંગલો બાંધી દે તો વધુ રહી શકાય.'

'યુવાનીમાં જ સાધનાનો બંગલો બાંધી દે તો પછી પ્રભુમય જીવનમાં આનંદ આનંદ છે.'

માર્ગમાં દરરોજની જેમ વિવિધ કક્ષાનાં ભાઈબેનો મળે છે. પૂ.શ્રી સૌ સાથે પ્રેમથી વાતો કરે છે.

આજે બપોરે મુલાકાત સમયે સખત વર્ષા થઈ. થોડી જ વારમાં સૂર્યનારાયણનાં દર્શન થયા. વર્ષા બંધ થઈ ગઈ. જૂન માસ છે એટલે પહાડમાં વરસાદ આવે જ. પણ ફરી પાછો વરસાદ બંધ પણ થઈ જાય. થોડી જ વારમાં માર્ગ ઉપર મસૂરીમાં ફરવા આવનાર વર્ગ ચાલુ થઈ જાય. વરસાદ સાથે ઠંડી પણ વધી જાય છે. પહાડી વિસ્તાર છે એટલે કુદરતી સૌંદર્યનો આનંદ અહીં મળી શકે છે.

સાંજે પૂ.શ્રી ફરવા નીકળે છે ત્યારે ઘણાં પરિચિત ભાઈબેનો મળે છે. તેઓ પોતાનો આનંદ વ્યક્ત કરતાં એક જ પ્રશ્ન પૂછતા જણાય છે, 'આપ આવ્યા, ખૂબ આનંદ થયો. ક્યાં સુધી રહેશો ?' પૂ.શ્રી કહે છે, 'જેવી પ્રભુની ઇચ્છા. જૂનના અંતે જઈશું.'

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ।। દક્ષિણ યાત્રાના આઠ દિવસ ।।

૧૯૭૭ના અંતમાં સૂરત શહેરનાં પ્રવચનો દરમિયાન જ દક્ષિણ ભારતની મંગલ યાત્રાની યોજના આકાર લઈ રહી હતી.

સંત સાથેની યાત્રામાં સૌને યાત્રી બનાવવાનો, સાચા સાધક બનાવવાનો સર્વોત્તમ જીવનઘડતર કરવાનો એક અભ્યાસક્રમ સહજ શરૂ થતો હોય છે. મંચ પર બેસીને સત્સંગસુખ ધરનારા સંતનું દર્શન-શ્રવણ બહુ બહુ તો એક કલાક-બે કલાકનું હોય પણ તેમની સાથે યાત્રા કરવાનું સદ્ભાગ્ય સાંપડે તો તેમનું નિકટનું સાંનિધ્ય પણ સાંપડે. ને દર્શન-શ્રવણ એકધારું મળે. એ યાત્રા પરમ આનંદ, પરમ શાંતિ ધરનારી અને પરમ કલ્યાણ કરનારી ઠરે.

દક્ષિણ ભારતની એ પાવન યાત્રામાં યાત્રી બનવાનું સદ્ભાગ્ય 'મા'ને પણ મળ્યું. મહાપુરુષના નિત્ય દર્શનનો લાભ.

૧૯૭૮ના જાન્યુઆરીની ૧૨મી તારીખે દક્ષિણ ભારતની મંગલયાત્રાની પુનિત ક્ષણો આવી ગઈ. ૧૬ યાત્રીઓ હોવાથી ત્રણ જુદા જુદા વાહનોમાં યાત્રા પ્રારંભ પામી.

સેવા સંતની, દર્શન સંતનું, ચિંતન સંતનું, ગુણાનુવાદ સંતનાં, સર્વ ઈન્દ્રિયોના વિષય સંત, સઘળું સંતમય બની જાય તો 'હું'પણું ત્યાં શી રીતે ટકે ?

આપણા જીવનમાં આપણે ખોવાઈ જવાનું ને સંતને શોધીને પ્રગટાવી દેવાના ! તે જ સાધના સાચી. પછી તે સંત આપણામાં વસી કાર્ય કરવા માંડે. સાધક સર્વસમર્પિત થઈ જાય ને સદ્ગુરુ સાથે એકરૂપ બનીને પરમ કલ્યાણ પામી લે.

અજન્તાની ધરતી પર 'મા'એ કૅમેરાની ચાંપ દબાવવાનો પ્રયત્ન કર્યો કે તરત જ પૂજ્યશ્રીએ પોતાનો હાથ ઊંચો કર્યો.

એમની એ અદાને 'મા'એ કૅમેરામાં ઝીલી લીધી. આશીર્વાદ આપતા હોય તેવી તેમની અદા 'મા'ને એવી પ્રસન્ન કરી ગઈ કે, 'મા' પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયાં. એમને પૂજ્યશ્રીનો પવિત્ર વરદ હસ્ત જન્મોજન્મ ચાલે એવા અઢળક આશીર્વાદ વરસાવનારો લાગ્યો. એના વિચારોના મંથનમાંથી પ્રાર્થનાનું નવનીત પ્રગટ્યું-પથ્થરમાંથી અચાનક શીતળ પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું.

'વરદ હસ્ત પ્રભુ તમારો
સદાયે રહેજો જીવનસહારો.'

બીડથી પંઢરપુર જતાં પહેલાં પૂજ્યશ્રીએ કહ્યું; 'મોટર એ મૌનમંદિર છે. જેટલું જોવાનું હોય એટલું જ જુઓ ને પછી પ્રભુ સાથે અનુસંધાન સાધવા પ્રયત્ન કરો.' પંઢરપુરમાં શ્રી પાંડુરંગ પ્રભુએ પોતે જ પૂજ્યશ્રીના સ્વરૂપે પ્રગટ થઈને બે વરદાન ધરી દીધાં : 'હું તમારી પાછળ જ છું. રક્ષા કરીશ.'

પૂજ્યશ્રી જેવા મંદિરમાં પ્રવેશ્યા કે તરત જ પૂજારીએ ભગવાન શ્રી પાંડુરંગનો પુષ્પહાર તેમને પહેરાવી દીધો. એમની મહાનતા-દિવ્યતાને પરખવા જ આ યાત્રા ચાલી રહી હતી !

પૂજ્યશ્રીએ એ હારમાંથી બધાંને પુષ્પપ્રસાદી આપી. 'મા'ને ત્રણ પુષ્પો મળતાં 'મા'ને જાણે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પોતાની પાસે આવી ગયાનો આનંદ થયો.

ચંદ્રભાગના પવિત્ર તટ પર પરમ ભક્ત પુંડરિકના મંદિરમાં દર્શન કરવા જતા એક ભાઈએ ફોટા પાડવાની તૈયારી કરતાં પૂજ્યશ્રીએ કહ્યું 'આ ફોટા પાડવા એ પણ એક રોગ જ છે.'

ને દર્શન કરીને બહાર આવ્યા બાદ 'મા'ને પૂછ્યું : 'ફોટા ક્યાં પાડવા છે ? નદીકિનારે ? મંદિરમાં ?' એકલાનો પાડવો છે કે સમૂહમાં ? 'મા' આ પ્રશ્નોની ઝડીથી આનંદિત થઈ ગયાં. પણ સંયમ સેવી મૂક રહ્યાં.

સામાન્ય સાધકના જીવનમાં કંઈક આધ્યાત્મિક શક્યતાનું જ્ઞાન થતાં તે સાધક પ્રતિ તેમનું સવિશેષ ધ્યાન જાય એ સ્વાભાવિક છે.

અમારી આ યાત્રા જાણે યોગેશ્વરયાત્રા હતી એ જ તીર્થસ્થાન, એ જ તીર્થદેવતા, આરાધ્ય, ઈષ્ટ, સ્મરણીય, વંદનીય એ જ વેદશાસ્ત્ર.

આપણાં કરતાં આપણી ડાયરી ભાગ્યશાળી તે ત્યાં પહોંચી ગઈ, ધન્ય થઈ ગઈ. અને હવે એ ડાયરીનો પાવન સ્પર્શ આપણને પણ પાવન કરશે.

દિન પ્રતિદિન અતિ નિકટના સ્નેહાળ સ્વજન બની અમારા જીવનમાં પ્રવેશ કરી રહ્યા છે. પરમ સાથેની પ્રીત અહીં પાંગરી રહી હતી.

૧૮/૧/૭૮ હૈદરાબાદ—પૂજ્યશ્રીએ પૂછ્યું વહાલથી ટપલી મારતાં, સ્નાન કરી લીધું ?—ગુરદેવ પ્રભુનું દર્શન પણ અશુદ્ધિઓનો અંત આણનારા પાવન સ્નાન સમું જ છે ને !

સવારે પૂ.શ્રી તથા પૂ.માતાજીનાં વસ્ત્રો ધોવાની સેવા મળી. તેમના શ્રીતનુનો દિવ્ય સ્પર્શ પામેલી એ પ્રસાદી છે.

બપોરે દ્રાક્ષના બગીચાના માલિકે કહ્યું, હવે દ્રાક્ષ તૈયાર થશે એટલે બધે લાઈટો ગોઠવી દઈશું. પૂજ્યશ્રીએ કહ્યું, માનવજીવનમાં પણ કામ, ક્રોધ, રાગ, માયા અહંકારરૂપી ચોર વારંવાર પ્રવેશી જાય તેમને દૂર રાખવા વિવેકરૂપી લાઈટ ગોઠવવી જોઈએ.

સામાન્ય વાતને પણ પ્રભુમય વળાંક આપવો એ પૂ.શ્રીની વિશેષતા છે.

સદાશિવ પેઠમાં એક દુર્ગતિપ્રાપ્ત જીવાત્માને મુક્તિ અપાવ્યાની વાત સત્સંગમાં કહી સંભળાવી. (કળીમાંથી ફૂલ :

૫મું પ્રકરણ) પૂજ્યશ્રી સર્વશક્તિમાનનું જ નાનકડું જીવંત સ્વરૂપ છે એવી ખાત્રી થઈ.

પછી પૂજ્યશ્રીએ 'મા'ની પાસે સૂરત પત્ર લખાવવા માંડ્યો. 'મા'ને પૂછ્યું; તમારા માથે મેં કોઈવાર હાથ નથી ફેરવ્યોને ? 'મા'એ ના કહેતાં મમતાળુ માવડીનું સ્વરૂપ ધારીને એમણે પોતાનો વરદ હસ્ત 'મા'ને મસ્તકે પધરાવ્યો, પ્રસરાવ્યો ! 'મા' લખે છે તેમ; 'ત્રિલોકનું સમસ્ત વહાલ પોતાના પાવન કરકમળોમાં સમેટી લઈ તે બાળ ઉપર અનરાધાર વરસવા લાગ્યું.'

દસ મિનિટ પછી ફરી ફરી બબ્બે વાર એ વરદ હસ્ત 'મા'ના મસ્તકે ફર્યો.

૧૯૭૩ની વડોદરાની શિબિરમાં પૂજ્યશ્રીએ તારાબેનની દીકરી રમીલાબેનના મસ્તકે પોતાનો વરદ હસ્ત પધરાવેલો તે દૃશ્ય જોઈ 'મા'ને થયેલું 'આપણને આવું સદ્ભાગ્ય ક્યારે મળશે ?' ને ચાર વર્ષ પછી સમય પાકતાં મહાભાગ્ય સામે ચાલીને ધરી દીધું. પ્રતીતિ થઈ : 'પ્રાર્થનાનો પ્રત્યુત્તર મળે જ, પોકારનો પડઘો પડે જ.' નોંધપોથીમાં 'મા'એ લખ્યું : 'તારા જ દિવ્ય સ્પર્શથી મારા કામ, ક્રોધ, વાસના, વિકારો ઓગળી જાય અને કંચન જેવી પવિત્ર બનાવી મારા વહાલા પ્રભુનાં શ્રીચરણમાં ગોપાલની મીરાં બની સમાઈ જાઉં એ જ અંતરની ઈચ્છા છે.'

સવારે 'મા'એ પૂજ્યશ્રીને પ્રણામ કરતાં પૂજ્યશ્રીએ એમની પીઠ થાબડી અને પૂછ્યું; 'ધ્યાન થાય છે ?' 'મા'એ કહ્યું; 'ના, વિચારો ખૂબ આવે છે. શ્રદ્ધા આપો, ભક્તિ આપો, દર્શન આપો એવું ઉઘાડી આંખ રાખીને બોલ્યા કરું છું.' તો તેઓશ્રીએ તરત કહ્યું; 'ધ્યાનમાં વચ્ચે વચ્ચે આંખ મીંચીને શ્વાસ સાથે જપ કરો તો સારું.'

૧૯મીએ હૈદ્રાબાદના ભાવિક ભક્તોને પૂજ્યશ્રીએ કહ્યું 'આ બેન ખૂબ પવિત્ર છે. મીરાં જેવું જીવન જીવે છે. શ્રદ્ધા-ભક્તિ

ખૂબ છે.' 'મા'ને થયું : 'મીરાંબાઈનું જીવન કેવું દિવ્ય ? પૂ.શ્રી આજે અમને એમની સાથે સરખાવે છે તે શું સાચું હશે ?' પછી થયું, 'સંત કહે તે સાચું હશે. પણ અત્યારે તો અસંખ્ય ઊણપોથી ભરેલા છીએ.' પણ શ્રદ્ધા વધારવાની છે : 'મીરાં જેવું ઉજ્જવળ ભવ્ય, દિવ્ય જીવન જીવવાનું છે.'

'મા' લખે છે : 'યાત્રામાં આખો દિવસ શ્રી ગુરુદેવ પ્રભુની પાવન મૂર્તિનું જ ચિંતન ચાલ્યા કરતું હતું. એમની વાણી, એમની ચાલ, એમની દિવ્યતા, એમની સાધના, એમની શક્તિ-ભક્તિ સઘળું દિવ્ય લાગતું હતું. બધું જ આકર્ષક, ઉચ્ચ પવિત્ર લાગતું હતું. તેથી જ બહારનાં જોવાલાયક સ્થળોમાં રસ ઓછો થતો ગયો. સમગ્ર સૃષ્ટિમાંથી રસ ધીરે ધીરે વહેતો વહેતો આ સ્વરૂપે સ્થિર થવા મથતો હતો. રસસ્વરૂપ આ મહાપુરુષ જ લાગતા હતા. સમગ્ર સૃષ્ટિનો સાર આ પરમપુરુષમાં જ સમાઈ જતો હતો.'

ઘરમાં નાના બાળકનું કાર્ય એક જ હોય, અને તે એની માતાની આસપાસ રમ્યા કરવાનું, અખંડ 'મા'ને જોયા કરવાનું, 'મા'ની હાજરી એનો પ્રાણ. એની બધી પ્રવૃત્તિ 'મા'ની આસપાસ રહીને જ હોય, એની આખી દુનિયા 'મા'ની અંદર સમાઈ જાય. 'મા' જ એનું સર્વસ્વ, એનું ચિંતન, એનું જીવન. એ જ રીતે માતા ગમે ત્યાં હોય, ગમે તે કાર્ય કરતી હોય પણ એના મનનો એક ભાગ સતત એના બાળકમાં રમતો હોય છે, એની અમીદૃષ્ટિ બાળકનું રક્ષાકવચ ! પરસ્પર એ વ્યવહાર, પરસ્પર એ પ્રેમથી જ જીવન જીવવા જેવું, નંદનવન સમું લાગે.

રસ્તામાં ગાડી ઊભી રહેતાં, પૂજ્યશ્રીએ કહ્યું 'આવો, અહીં આવો તો ખરાં ! સરોજબેન ! અમારી મોટર કેવી છે, તે જુઓ તો ખરા ! –જેમને જીવનના રાહબર માન્યા છે. ગુરુદેવ પ્રભુ માન્યા છે તેમના જીવનને પાસે આવીને, ચોકસાઈ કરી લો કે બધું યોગ્ય, બરાબર ! આધ્યાત્મિક–દિવ્ય છે ને ?'

પછી પૂજ્યશ્રીના શ્રીમુખે કેટલાંક રહસ્યો પ્રગટ થયાં-કોણ કોણ પૂર્વે સાથે હતું. 'સામાન્ય માનવને અનેક જન્મોનું જ્ઞાન નથી હોતું, મહાપુરુષોને હોય છે પણ રહસ્ય જાણ્યા પછી સાધકે એનો સહાયક બળ તરીકે ઉપયોગ કરી, આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવાનું છે. માર્ગે આવા તો કંઈ કેટલાંય રત્નો મળશે પણ આપણે તો રત્નાકર પાસે પહોંચવાનું છે. ત્યાં સુધી ક્યાંય વિરામ લેવાનો નથી.'

પૂ.શ્રી સાથે વાત થતાં 'મા'એ જાણ્યું કે, 'પૂર્વમાં હતા પણ મોડા મળ્યા એનું કારણ સંસ્કાર હોય તે મુજબ થાય. ને સંસ્કારો પૂરા થાય એટલે છૂટા પણ પડી શકે.' 'તમારો સંબંધ નહિ તૂટે' એમ કહી પૂજ્યશ્રીએ 'મા'ને અભયવચન આપી દીધું. 'પરમાત્મા પવિત્ર પ્રેમના સાગર જેવા હોય' એવું શાસ્ત્રોમાં જે વાંચીએ તે આ મહાપુરુષના જીવનવ્યવહારને જોતાં તદ્દન સાચું લાગે છે. પાત્રતા વધતી જાય તેમ તેમ કૃપા વરસતી જાય, આશીર્વાદ મળતા થાય.

દક્ષિણેશ્વરમાં આવતાં, દર્શન કરતાં જે જીવે પૂર્વે જોડાયેલા હતાં તે ! ભૂમિકા હવે સારી જ થશે.

રામકૃષ્ણ નરેન્દ્ર ઉપર ભાવ વધારે રાખતા કારણકે તે સાત્ત્વિક હતો અને એના દ્વારા મહત્ત્વનાં કાર્યો કરાવવાનાં હતાં.

પૂજ્યશ્રીને ભટ્ટ સાહેબે પૂછ્યું : 'આપે આટલાં બધાં પુસ્તકો શી રીતે લખ્યાં ? જવાબરૂપે એમણે પેન-ડાયરી માંગી. પૂજ્યશ્રીએ ડાયરી પર પેનને ફક્ત આંગળીના ટેરવા સાથે અડાડી રાખી એટલે એ પેનથી લખાવા માંડ્યું—શક્તિ કાર્ય કરે છે, આમાં બીજી જ શક્તિ કાર્ય કરે છે.'

શ્રી યોગેશ્વરજીએ જે પરમશક્તિનું શરણ લીધું છે તે તેમના કરકમળોમાં બિરાજી કેવું લેખન કરાવે છે તેનું સહજ દર્શન ત્યાં ઉપસ્થિત સૌએ કર્યું.

ડોરનાર ગામનો એ ચોતરો સ્મરણીય બની ગયો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ એકાદશી વ્રતથી વૈકુંઠ ॥

એકાદશીને માટે જનસમાજમાં પેલી પ્રસિદ્ધ પંક્તિ વારંવાર ગાવામાં આવે છે : ‘એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ.’ એ ગીતવચનમાં વિશ્વાસ રાખીને કેટલાક લોકો મરણ પછી વૈકુંઠ પામવાની અભિલાષાથી પ્રેરાઈને એકાદશીનું વ્રત કરતા હોય છે. એકાદશીવ્રતના મહિમાની કથાઓ પણ પ્રસિદ્ધ થઈ છે. એ કથાઓનું પારાયણ એકાદશીને દિવસે કરવાની પરિપાટી છે. એકાદશીના વ્રતપાલનથી અમુક માણસને અમુક ફળ મળ્યું, અને અમુક સ્ત્રી કે પુરુષની અમુક ભાવનાની પૂર્તિ થઈ, એવાં એવાં વિધાનોથી ભરપૂર વાર્તાઓ વાંચીને, એમાં કહેલી ફળશ્રુતિથી આકર્ષાઈને બીજા ભાવિક લોકો પણ વ્રત કરવા પ્રેરાતા હોય છે. સામાન્ય રીતે મનુષ્યનો સ્વભાવ જ એવો જ છે વ્રત કે તપને ખાતર વ્રત કે તપ કરવાની પ્રેરણા એને ભાગ્યે જ થવાની. એ વધારે ભાગે ગણતરીબાજ હોય છે. દુન્યવી વસ્તુ અને વિષયોનું આકર્ષણ એને સદાયે થયા કરવાનું. એ ઉપરાંત, મરણોત્તર સુખશાંતિ ને સદ્‌ગતિની ચાહના પણ એને રહ્યા કરવાની. એટલે વ્રત ને તપ દ્વારા જો એ વસ્તુઓની પ્રાપ્તિની સંભાવના હોય તો એમનાં અનુષ્ઠાન માટેનો રસ એનામાં અવશ્ય ઉત્પન્ન થવાનો. મનુષ્યસ્વભાવની એ વિશેષતાને ઓળખીને એને સત્કર્મમાં પ્રેરવા માટે જુદી જુદી ધર્મક્રિયાઓની ફળશ્રુતિઓનું વર્ણન કરવામાં આવ્યું. જીવનમાં—તન મન અને અંતરમાં, વિશુદ્ધિનું વૈકુંઠ ઊતરી જાય અને સંસારમાં બધે જ જો એવું વ્રતપાલન થાય તો સમસ્ત સંસાર વૈકુંઠરૂપ થાય એમ પણ નથી લાગતું ? વ્રતની યોજના એટલા માટે જ હતી, પરંતુ એવું વ્રતપાલન અત્યારે ક્યાં થાય છે ને કેટલાક કરે છે ?

અત્યારે તો વ્રત કે ઉપવાસની પાછળ જે આરોગ્યની ભાવના છે તે પણ ભાગ્યે જ સચવાય છે. ભારતના સમાજશાસ્ત્રીઓ થોડાક વધારે ઉદાર હતા. તેથી તેમણે વ્રત કે ઉપવાસના દિવસોમાં ફળાહાર કરવાની અનુજ્ઞા આપી. એ ફળાહાર પણ અત્યંત સૂક્ષ્મ, અલ્પ અને એકવાર. પરંતુ ફળાહારના નામ પ્રમાણે પ્રજાએ ફળાહારમાં કેવળ ફળનો જ સમાવેશ કરવાને બદલે, બટાટા, શકરિયાં, રબડી, શિખંડ ને મીઠાઈથી માંડીને રાજગરાનો શિરો, પૂરી, ફરાળી ભજિયાં, હલવો, કઢી ને સામાનો ભાત સૌનો સમાવેશ કર્યો. એવી રીતે ફળાહાર સૂક્ષ્મને બદલે ભગવાનના વિશ્વરૂપ જેવો અતિસ્થૂળ અને વિશાળ બની ગયો. આજે એની એ જ દશા છે. પરિણામે કેટલાંક ઘરોમાં તો ઉપવાસને દિવસે સ્ત્રીઓને ભારે માઠું લાગે છે. તેમની પ્રવૃત્તિ વધી પડે છે ને તેમની સ્થિતિ કફોડી બને છે. ફરાળ બનાવવામાંથી તે ઊંચી જ નથી આવતી અને એવું ફરાળ પણ કાંઈ એક વાર થોડું થાય છે ? એનું નામ જ ફરાળ એટલે એનો કોઈ નિયમ જ નહિ. એ તો ગમે તેટલી વાર કરી શકાય. બે કે ત્રણ વાર તો ખરું જ. આમાં આરોગ્યનો મહિમા ક્યાં સચવાયો ? આરોગ્યનો મહિમા સાચવવો છે જ કોને ? સ્વાદનો મહિમા ના સાચવે ! અને આવા આકર્ષક સુંદર ફરાળવાળા વ્રતની આગળ-પાછળનો ઈતિહાસ જાણો છો ? વ્રતની આગલી રીતે જરાક મોડું જમવા બેસે ત્યારે ઘરવાળાં પણ આગ્રહ કરીને બે રોટલી વધારે ખવડાવે ને કહે કે કાલે તો એકાદશી છે. એ ફળશ્રુતિઓ ઈહ લોક તથા પરલોક બંનેની સાથે સંબંધ ધરાવનારી છે એ ખાસ યાદ રાખવાનું છે. એકાદશીની ફળશ્રુતિ પણ એ સંદર્ભમાં જ સમજી લેવાની છે.

જનસમાજમાં એવી રીતે એકાદશીનું પરંપરાગત વ્રત ચાલ્યું આવે છે, પરંતુ તેની પાછળ જે આધ્યાત્મિક મર્મ છે તેને વ્રત કરનારા ભાગ્યે જ સમજે છે. તે મર્મ ખરેખર સમજવા તેમજ યાદ રાખવા જેવો છે. ઉપનિષદમાં શરીરને દસ બારણાંવાળા નગરની સાથે સરખાવવામાં આવ્યું છે. ગીતામાં નવદ્વારે પુરે કહીને શરીરને નવદ્વારવાળું નગર કહ્યું છે. તો ઉપનિષદમાં બીજે એક ઠેકાણે पुरं एकादशं द्वारम् એવો ઉલ્લેખ કરીને શરીરને અગિયાર બારણાંવાળું નગર કહેવામાં આવ્યું છે. શરીરરૂપી નગરનાં એ નવ, દસ કે અગિયાર દ્વાર કયાં છે ? ઈન્દ્રિયો. મનનો પણ એ ઈન્દ્રિયો અથવા તો દ્વારમાં જ સમાવેશ થઈ જાય છે. એ ઈન્દ્રિયો અથવા તો બારણાંની મદદથી જીવાત્મા બાહ્ય જગતનો અનુભવ કરે છે, એના વિવિધ વિષયો ને પદાર્થોને ભોગવે છે. અને એની પ્રતિક્રિયારૂપે સુખી અથવા દુઃખી થાય છે. શરીરનાં એ કુદરતી બારીબારણાંને બંધ કરીને જે શાંતિપૂર્વક સ્થિરતાથી એક આસન પર એકાંતમાં બેસે છે, તેને એવા એકધારા લાંબા અભ્યાસના ફળરૂપે, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમ જ્યોતિની ઝાંખી થાય છે, અને પરમ શાંતિ તથા મુક્તિ મળી જાય છે. તેના હૃદયની ગાંઠો તૂટી જાય છે, અને સંશયો છેદાઈ જાય છે. આ છે સાચું એકાદશીવ્રત અને સાચા એકાદશીવ્રતનો મહિમા. એકાદશીના જ દિવસે નહિ પરંતુ પ્રત્યેક દિવસે આવું સંયમશીલ, આત્મશાંતિ આપનારું સાધનાવ્રત કરવું જોઈએ. તો જ તેનો ધારેલો લાભ મળી શકે. અને પ્રત્યેક દિવસે કોઈ કારણથી નિયમિત રીતે એવું વ્રત ના કરાય તો એકાદશીને દિવસે તો ગમે તેમ કરીને પણ વખત કાઢીને કરવું જ જોઈએ. એવું વ્રત કરવાથી શાંતિ, મુક્તિ ને પરમાત્મદર્શનરૂપી વૈકુંઠ જરૂર

મળે. અલબત્ત, એ વૈકુંઠની પ્રાપ્તિ શરીર છોડ્યા પછી નહિ પરંતુ શરીર છોડ્યા પહેલાં જ થઈ જાય.

શરીરનાં અગિયાર બારણાંને બિલકુલ બંધ કરીને અંદર રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરવાનું કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું નથી. તેમાં મદદ મળે તે માટે, સૌથી પહેલાં તો ઈન્દ્રિયોનાં એ બારણાંમાં વિશુદ્ધ પવનનો પ્રવેશ થાય તેવું કરવું જોઈએ. એટલે કે આંખ દ્વારા સારું જ જોવાય, કાન દ્વારા સારું જ સંભળાય, મન દ્વારા સારું ચિંતનમનન કે સારા સંકલ્પવિકલ્પ થાય, અને એવી રીતે બીજી બધી ઈન્દ્રિયો શુભમાં જ પ્રવૃત્ત થાય તથા અશુભ તરફ ભૂલેચૂકે પણ ના જાય, એવી કોશિશ કરવી પડશે. એવી કોશિશ પણ જો કે હંમેશાંને માટે કરવાની રહેશે, પરંતુ અગિયારસને દિવસે તો એને માટે ખૂબ જ જાગ્રત રહેવું પડશે. લોકો અગિયારસનું વ્રત કરે છે અને બીજાં બધાં વ્રત પણ કરે છે, પરંતુ એવી જાગૃતિ ભાગ્યે જ રાખે છે. એને લીધે વ્રતનો સાચો આનંદ નથી મળતો, તથા તેની મદદથી જેવો આત્મવિકાસ થવો જોઈએ તેવો વિકાસ પણ નથી થતો. આજે તો એકાદશીવ્રત છે અથવા બીજું વ્રત છે, માટે બીજા દિવસે ગમેતેમ થતું હોય પણ આજે તો જૂઠું ના જ બોલાય કે ક્રોધ ના જ કરાય : આજે તો શારીરિક સંયમ કે પવિત્રતાનું પાલન કરવું જ જોઈએ અને કટુ વચન ના બોલાય : આજે તો કોઈની સાથે છેતરપીંડી ના જ થાય, દગો ના જ રમાય, ખોટું જોખાય-તોલાય કે લખાય નહિ, તેમ જ વ્યસન પણ ના થાય : આજે તો કોઈને મદદરૂપ થવું જ જોઈએ અને કોઈક સારું કામ પણ કરવું જોઈએ : એવો આગ્રહ જો ખરેખર રાખવામાં આવે ને તે પ્રમાણે ચાલવામાં આવે, તો તમને નથી લાગતું કે વ્રત

કરનારના ઉપવાસ છે માટે શાંતિથી જમો. શી ઉતાવળ છે ? બીજે દિવસે ઉપર કહ્યું તેવું ભરપેટ ફરાળ થાય, ને રાતે સૂતાં પહેલાં જ કહી દેવામાં આવે કે આજે મારે ઉપવાસ છે માટે કાલે રસોઈ જરા વહેલી બનાવજો. આવા ઉપવાસ આરોગ્યરૂપી વૈકુંઠમાં કેવી રીતે પહોંચાડે ? અનારોગ્યના નરકમાં પહોંચાડે તો ભલે. એ દિવસે ઘરની સ્ત્રીઓને આરામ તો મળે જ ક્યાંથી ? ભારે ખોરાક ખાવાથી આળસ આવે, ઊંઘ આવે ને ભગવાનના ભજનને બદલે સ્વપ્નાંની પરંપરા ચાલે તે નફામાં. વ્રત કે ઉપવાસનો આખો ઉદ્દેશ માર્યો જાય છે.

વ્રતને દિવસે કેવળ દૂધ લેવાય તો સારું. તે શક્ય ના હોય તો ફળ લઈ શકાય. નહિ તો એકવારનું સાધારણ ફરાળ લઈ શકાય. એ દિવસે સદ્‌વિચાર, સદ્‌વાચન ને સત્કર્મ કરવાનો આગ્રહ રખાય તે મહત્ત્વનું છે. તો વ્રત લાભકારક થઈ શકે. હું તો એકાદશીને દિવસે ફક્ત દૂધ જ લઉં છું. એટલે બારસને દિવસે જ ચમત્કાર થાય છે. પેટ સાફ થઈ જાય છે. મળ તંદુરસ્ત શરીરને છાજે તેવો નીકળે છે. એટલે કોઈ મને પૂછે છે કે એકાદશી કરવાથી વૈકુંઠ મળે છે ? તો હું તો તરત ઉત્તર આપું છું કે દર બારસે આરોગ્યરૂપી વૈકુંઠ મળે છે. એટલું બધું વહેલું. તેમાં વિલંબ નથી લાગતો.

★

વ્રતની પાછળની ભાવના એવી રીતે ત્રિવિધ છે : સ્વાસ્થ્યની ભાવના, જીવનની સુધારણા ને પ્રભુપરાયણતાની ભાવના તથા પરમાત્માની પ્રાપ્તિ કરીને પરમ શાંતિ મેળવવાની ભાવના. એ ભાવનાને સાર્થ કરીએ તો જીવન સફળ થાય.

—શ્રીયોગેશ્વરજી

# ॥ 'સપ્તાહો'થી લાભ ॥

આપણે ત્યાં ભાગવતસપ્તાહની યોજના કરવા કરાવવાનો પવન જોરશોરથી ફૂંકાતો જાય છે. અધિક માસ દરમિયાન તો ભાગવતસપ્તાહનું આયોજન ઠેર ઠેર થઈ ગયું, ઠેકઠેકાણે ભાગવતની કથા સપ્તાહના સ્વરૂપમાં શરુ થઈ અને હરખઘેલાં ધર્મભાવનાવાળાં સ્ત્રી પુરુષો એનો લાભ લેવા માટે એકઠાં થયાં. સારી વાત છે. સપ્તાહરૂપે ભાગવત જેવા ભક્તિપ્રધાન ધર્મગ્રંથનું શ્રવણ, મનન કે પારાયણ થાય અથવા તો એના જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવે. એ ઉપર ઉપરથી જોતાં બધી રીતે ઈચ્છનીય અને લાભકારક જ છે. છતાંપણ એવાં વિશાળ પાયાપર યોજાતી જાહેર સપ્તાહોથી સાચેસાચો લાભ કેટલો થાય છે. તથા કોને થાય છે એ ખાસ વિચારવા જેવું છે.

રાજા પરીક્ષિતને સાતમે દિવસે તક્ષક નાગ કરડશે અને એથી એનું મૃત્યુ થશે એવો શાપ મળવાથી, સંસારના સઘળા પદાર્થોમાંથી મનને પાછું વાળી લઈને, સાતમે દિવસે તક્ષક નાગ કરડે તે પહેલાં મુક્તિ મેળવવાનો એણે સંકલ્પ કર્યો. પરંતુ એ સંકલ્પની પૂર્તિ એકલે હાથે કેવી રીતે થઈ શકે ? એ માટે કોઈક માર્ગદર્શક જોઈએ એના સદ્‌ભાગ્યે એને સંતશિરોમણિ શુકદેવનો મેળાપ થયો. અને શુકદેવની કૃપાથી એને પરમ જ્ઞાન તથા પરમાત્માની નિષ્ઠાની પ્રાપ્તિ થવાથી મુક્તિનો આનંદ મળી ગયો. એવી રીતે જીવને અજ્ઞાનરૂપી તક્ષક નાગ કરડેલો છે. એને માથે કાળ ભમ્યા કરે છે. એ નાગની વિઘાતક અસરમાંથી છૂટવાની એ ઈચ્છા રાખે અને શુકદેવજી જેવા માર્ગદર્શકને મેળવી શકે તો એની સંસાર પ્રત્યેની આસક્તિ છૂટી જાય, એનાં બંધનો તૂટી જાય, અને એનું જીવન

તથા મરણ બંને ધન્ય થાય. પરંતુ બંધનોમાંથી મુક્તિ મેળવવાની એવી અદમ્ય ઇચ્છા એની અંદર ઉત્પન્ન થાય, ત્યારેને ? ત્યારે એવી અવસ્થાની અનુભૂતિ એને થઈ શકે ને ? ભાગવતના શ્રવણમનનનું ફળ એવી અવસ્થાની પ્રાપ્તિ છે.

ભાગવતમાં ઈશ્વરના જુદાજુદા અવતારોની કથાઓ અને ઈશ્વરના મહાપ્રતાપી પરમભક્તોની હકીકત આવે છે. નારદ, ઉદ્ધવ, વિદુર, ધ્રુવ, ગજેન્દ્ર, ગોપીઓ, જડભરત તથા દત્તાત્રેય અને અજામિલ પ્રહ્‌લાદ જેવા ભગવદ્‌ભક્તોના જીવનપ્રસંગો આવે છે. તે સૌ ભગવાનના થઈ ચૂકેલા. રાજા પરીક્ષિત અને શુકદેવ પણ ભાગવત એટલે કે ભગવાનના બની ચૂક્યા હતા. એટલા માટે જ એમની ઘટનાઓનું વર્ણન કરતા એ મહાગ્રંથને ભાગવત કહેવામાં આવે છે. એ ગ્રંથનો સ્વાધ્યાય કરીને માણસે પોતે ભાગવત એટલે કે ભગવાનના થવાનો સંકલ્પ અને એને અનુસરતો પ્રયાસ કરીને સાચા અર્થમાં ભાગવત થવાનું છે. ભાગવત સપ્તાહનું પણ સાચું ફળ એ જ હોઈ શકે : સંસારની કામના, લાલસા તથા વાસના તેમજ અહંતા, મમતા, આસક્તિ અથવા રાગદ્વેષમાંથી મુક્તિ : સ્વાર્થ, સંકુચિતતા, અનીતિ, અન્યાય અને છળકપટમાંથી છુટકારો.

એવો છુટકારો અથવા એવી મુક્તિ મેળવવાની ઇચ્છા અને ઉત્કટ ઇચ્છા કોને છે ? પરીક્ષિતને એવી ઇચ્છા હતી એટલે શુકદેવનો સંસર્ગ એને માટે કલ્યાણકારક થઈ પડ્યો, પરંતુ જે સપ્તાહ કરાવે છે એમની અંદર એવી ઇચ્છા ભાગ્યે જ હોય છે. એ તો મોટે ભાગે કોઈ મૃત સંબંધીની સદ્‌ગતિ કરાવવાની ઇચ્છાથી, અધિક માસ જેવા વિશેષ દિવસોમાં પુણ્ય કમાવાની ઇચ્છાથી, દેખાદેખીથી, અને કોઈકવાર તો અહંભાવનાને

સંતોષવાની વૃત્તિથી પ્રેરાઈને, સપ્તાહ કરાવે છે. એટલે ભાગવતસપ્તાહનો જે સાચો લાભ થવો જોઈએ એ એમને નથી થઈ શકતો. શ્રોતાઓ પણ મોટે ભાગે ભાગવતશ્રવણના મહિમાથી જાદુઈ રીતે આકર્ષાઈ ને કાનને પવિત્ર કરવા માટે અથવા તો કથાશ્રવણથી પુણ્ય થશે એમ માનીને આવતા હોય છે. અને કથાકાર કે વક્તા પણ શુકદેવની પેઠે પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત થઈને બીજાના મંગલને માટે કથા કરે છે એવું ભાગ્યે જ બનતું હોય છે. એનો ઉદ્દેશ પણ જ્યાં મુખ્યત્વે દ્રવ્યોપાર્જનનો, પ્રતિષ્ઠા-પ્રાપ્તિનો કે એવો જ બીજો લૌકિક હોય ત્યાં જોઈએ તેટલો લાભ ક્યાંથી મળે ? અલબત્ત, સપ્તાહોથી કેટલાકને ધન અને અન્ન મળે છે, અને બીજા કેટલાકને જ્ઞાનપ્રાપ્તિનો અવસર પણ આવી મળે છે, પરંતુ એ અવસરનો પૂરેપૂરો લાભ ઉઠાવાય અને જીવનની શુદ્ધિને માટે લાભ ઉઠાવાય તો જ તે જીવનોપયોગી બની શકે.

સપ્તાહો આવે છે ને જાય છે, જ્ઞાનયજ્ઞો પણ યોજાય છે ને પૂરા થાય છે, છતાંપણ એથી જોઈએ તેટલો લાભ નથી થઈ શકતો. કારણ કે એનો લાભ લઈને માણસ પોતાની પ્રકૃતિનો પલટો કરવા, પોતાનો સ્વભાવ સુધારવા તૈયાર નથી થતો. પોતાની નબળાઈ અને એ નબળાઈનો નાશ કરવાની અનિચ્છા અથવા અશક્તિને લીધે એ જ્યાં હોય છે ત્યાં જ પડ્યો રહે છે. કથાઓ સપ્તાહો કે જ્ઞાનયજ્ઞોથી એ રીઢો થઈ ગયો છે એમ કહીએ તો ચાલે. આ પરિસ્થિતિ ઘણી જોખમી છે, અને એનો અંત આણવાની જરૂર છે. પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાંથી બળ મેળવીને જીવનને ઉજ્જવળ કરવાની માણસની નેમ હોવી જોઈએ. તો જ એ ધર્માનુષ્ઠાન લાભકારક થઈ શકે અથવા તો અમર બની શકે. સપ્તાહોને એવા વિશાળ સંદર્ભમાં જોવાં જોઈએ.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ 'અરુણાચલ શિવ'નો મહિમા ॥

**The pilgrim is no more**

**The pilgrimage has ended.**

હવે યાત્રા કરવાની રહી નહિ, યાત્રિક જ ન રહ્યો. આવો સર્વસમર્પણનો-કૃતકૃત્યતાનો ભાવ જેમના હૃદયમાં જેના પ્રથમ દર્શને ઊઠ્યો એ શ્રીરમણ મહર્ષિની 'અરુણાચલ શિવ' પ્રત્યેની ભક્તિ-પ્રીતિની એક રસમય સત્યકથા છે.

ઈ.સ.૧૮૯૫ના નવેમ્બરમાં શ્રીરમણે એક વડીલ સંબંધી પાસેથી સાંભળ્યું કે, 'અરુણાચલ પૃથ્વી પરનું એક પુણ્યશાળી તીર્થ છે એની યાત્રા મનુષ્યે કરવા જેવી છે.' ને અરુણાચલ સાથેનો એમનો જન્મજન્માંતરનો સંબંધ જાણે જાગ્રત થયો !

ઈ.સ.૧૮૯૬ના ઑગસ્ટની ૨૯મી તારીખે એમની અભ્યાસ પરત્વેની ઉપેક્ષા અંગે મોટાભાઈએ ઉપાલંભ આપ્યો : 'અહીં ઘરમાં આ રીતે રહેવા કરતાં સાધુ બની જંગલમાં જતો રહે.' અને શ્રીરમણે ઘર ત્યજી 'પરમાત્માનાં ચરણોમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેવાનો' સંકલ્પ કર્યો. ઈ.સ.૧૮૯૬ના સપ્ટેમ્બરની પહેલી તારીખે તો એ ૧૭ વર્ષનો કિશોર અરુણાચલ આવી ગયો ! એણે આનંદની ઊછળતા, ધડકતા હૃદયે ઝપાટાબંધ દોડતાં અરુણાચલેશ્વરના ચરણે પ્રણિપાત કરી, પ્રાર્થના કરી : 'તમે જ મારા સંરક્ષક, પ્રેરક, પિતા ને પ્રકાશદાતા છો. તમારા પ્રત્યે કોણ જાણે કેમ પણ મારા હૃદયમાં પુષ્કળ પ્રેમ પ્રવાહિત થઈ ચૂક્યો છે. એ પ્રબળ-પવિત્ર પ્રેમ કોઈ પણ કાળે કે કારણે મંદ પડે તેમ નથી.'

જે પરમતત્ત્વ વિશ્વમાં વ્યાપક છે એ જ અરુણાચલમાં મૂર્તિમંત છે, એ જ પોતાની અંદર છે અને એ જ વિશ્વનિયંતા છે એ સત્યનો સાક્ષાત્કાર અનુભવાત્મક બનાવવા જાણે શ્રીરમણે સુદીર્ઘ સાધના

આદરી. અરુણાચલની વિવિધ ગુફાઓમાં, પછી સ્કન્દાશ્રમમાં અને પછી તળેટીમાં પાલિતીર્થમાં રમણાશ્રમ રચી આજીવન ત્યાં જ રહ્યા. દેશવિદેશના હજારો જિજ્ઞાસુઓ શ્રીરમણ પાસે પ્રશ્નો લઈ આવતા અને એમની સંનિધિમાં શાંતિ પ્રાપ્ત કરતા. એટલે અરુણાચલ પર્વતતીર્થ આધ્યાત્મિક કેન્દ્ર બની ગયું. ૧૯૫૦ની ૧૪મી એપ્રિલે રાત્રે જ્યારે ૮-૪૭ કલાકે શ્રીરમણ મહાનિર્વાણ પામ્યા એના થોડા સમય પહેલાં એમના દર્શનાર્થે એકત્રિત ભક્તસમૂહ 'અરુણાચલ શિવ'ની ધૂન ગાતો હતો ત્યારે શ્રી રમણના ચહેરા પર કરુણાસભર સ્મિત હતું, ને એમનાં નેત્રોના ખૂણામાંથી આનંદાશ્રુ ટપકતાં હતાં. તેમણે ભક્તોને કહ્યું હતું, 'હું બીજે ક્યાં જઈ શકું એમ છું ? હું તો હંમેશાં અહીં જ છું.'

આમ અરુણાચલમાં આપણે એ રમણને જોઈએ છીએ જે અરુણાચલના છે, એ રમણ જે અરુણાચલ સાથે એકરૂપ થઈ ગયા છે અને એ રમણ જે સ્વયં અરુણાચલ છે. પણ અદ્વૈતમાં માનનારા શ્રી રમણે, 'અરુણાચલ એ કેવળ કોઈ પર્વત, શિવલિંગ કે શ્રી રમણ જ નથી, શિવ સ્વયં છે. દરેકના હૃદયમાં રહેલી સર્વોપરી સત્તા કે પરમ ચૈતન્ય છે.' એમ કહ્યું હતું.

'Kailas is the abode of Siva, whereas Arunachala is Siva Himself.' એમ કહી શ્રીરમણે જેનું અનન્ય ગૌરવ અને માહાત્મ્ય કર્યું એવા અરુણાચલના સંતના પુણ્યધામ અરુણાચલની યાત્રાનો સુયોગ કરાવ્યો ગુજરાતનાં અનોખાં તપસ્વિની પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ. જેમણે મારાં શ્રીરમણ મહર્ષિવિષયક પુસ્તકો વાંચી અરુણાચલ જઈ આવવા વારંવાર અનુરોધ કરી છેવટે મીઠો ઉપાલંભ આપ્યો, 'જે સંતે તમારી કલમે ગ્રંથોરૂપે પ્રગટ થવા કૃપા કરી એનું ઋણ ચૂકવવા પણ તમારે અરુણાચલ જવું જ રહ્યું.' 'મા' સ્વયં તીર્થરૂપ છે. તેમને કોઈ તીર્થયાત્રાની જરૂર નથી છતાં મારી બૅટરી

ચાર્જ કરવા એમણે અરુણાચલયાત્રાનું આયોજન કર્યું અને અમારાં દસ જણનાં રાહબર બની અમારી સાથે પધાર્યાં. અમારી એ આનંદયાત્રાને 'મા'એ 'મહર્ષિની અપાર કૃપા' તરીકે ઓળખાવી. અમારે માટે તો 'મહર્ષિ' અને 'મા' સતત સાથે—સમાંતરે રહ્યાં. એક સૂક્ષ્મ ચૈતન્ય અને બીજું પ્રગટ ! ધન્ય ભાગ્ય અમારાં !

યાત્રા જે તીર્થની, શિવની, સંતની થઈ તે અને યાત્રા જેની સાથે થઈ એ પરમ પ્રેમમયી 'મા'નું કૃતજ્ઞતાભર્યું સ્મરણ જાણે મારા હૃદયસ્પંદનનો પર્યાય બની ગયું. એ અપૂર્વ—અણમોલ મંગળ યાત્રાના પ્રસાદરૂપે 'અધ્યાત્મ' સામયિકમાં 'અહમાચલથી અરુણાચલ'નો લેખ પણ 'મા'ના પ્રેમાગ્રહથી લખાયો. એના જ અનુસંધાનમાં એક પુસ્તક તૈયાર થયું, જે નિઃશંક શ્રી રમણ મહર્ષિ અને પૂજ્ય 'મા' સર્વેશ્વરીના અનહદ અનુગ્રહ અને અસીમ સ્નેહનું સુફળ છે.

શ્રીરમણ પરમજ્ઞાની છે એ જગત જાણે છે. પણ એ પરમ ભક્ત પણ છે એની પ્રતીતિ મને અરુણાચલ ગયા પછી જ થઈ. 'મા'એ ભક્તિનું તાત્પર્ય સમજાવતાં સરસ કહ્યું : 'સર્વ ગુણ, સર્વ ક્રિયા, સર્વ ફળ, સર્વ પ્રયત્નો ભક્તિમાર્ગે સમર્પિત કરવાથી સાધક હળવો રહે. બધી ફિકર ભગવાનની જ. જ્ઞાનભાવમાં સાવધાની ન ટકે તો અહંકાર આવી જાય.' અરુણાચલદર્શનથી આ મર્મ ઘૂંટાયો અને શ્રીરમણ મહર્ષિની મધુરાદ્વૈતની ભક્તિરચના 'અરુણાચલ અક્ષરમણમલૈ'ની એક ગુજરાતી કૅસેટ પરથી ગદ્યાનુવાદની પ્રેરણા થઈ.

આમ 'શ્રીરમણના અરુણાચલ શિવ' પુસ્તકરચનાના પુણ્યકાર્યમાં આ કલમને નિમિત્ત બનવાનો અવસર સાંપડ્યો પરંતુ અંતરમાં શ્રીરમણના શબ્દો જ આવર્તાયા : 'God may use you as an instument to effect.'

—શ્રી તરલા દેસાઈ

# ॥ અરુણાચલ પર્વતનું માહાત્મ્ય ॥

જે લોકો હિમાલય, આલપ્સ જેવી પર્વતમાળાઓની મુલાકાત પછી અરુણાચલ આવ્યા છે તેમણે નોંધ્યું છે કે, 'આ અરુણાચલ પર્વત બીજા સર્વને બાજુ પર મૂકી દે એવી ભવ્યતા અને મહત્તા ધરાવે છે. એનું નામ અદ્‌ભુત છે, એનું કાર્ય પણ અદ્‌ભુત છે. જે ચુપકીથી, ગેબી રીતે એ ભક્તોને પોતાનામાં સમાવી લે છે, એ રીત પણ એની અદ્‌ભુત છે.'

હજારો વર્ષોથી દક્ષિણ ભારતના તિરુવન્નમલૈ અને અરુણાચલનું માહાત્મ્ય લોકો કરતા રહ્યા છે. ભૂસ્તરશાસ્ત્રીઓ અરુણાચલને પુરાતત્ત્વનો પ્રશિષ્ટ નમૂનો ગણે છે. માનિકવચકરના શબ્દોમાં અરુણાચલ, 'Older than the oldest, later than the latest' છે.

શ્રદ્ધાળુઓના મત પ્રમાણે અરુણાચલના શિખરના દર્શનમાત્રથી જ બધાં પાપો નાશ પામે છે, એટલું જ નહિ ભક્તોની જ્ઞાનદૃષ્ટિ ખૂલી જાય છે. અરુણાચલ નિહાળતાં જ મનુષ્યના મન, વચન અને શરીરના બધા કષાય નષ્ટ પામે છે. અરુણાચલનો વિચાર જ ચિત્તશુદ્ધિ બક્ષે છે. અરુણાચલનું દર્શન નેત્રને શુદ્ધ કરે છે. અરુણાચલના નમોચ્ચારથી જિહ્વા પવિત્ર થાય છે અને એનું નામ સાંભળતાં કર્ણ પવિત્ર થાય છે.

'અરુણાચલ' શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો,

'અ' એટલે સત્

'રુ' એટલે ચિત્ત

'ણ' એટલે આનંદ

'અરુણ' એટલે એક 'પરમ ચૈતન્ય' જેમાં 'પરમાત્મા-આત્માનું અદ્વૈત' છે. અને 'અચલ' એટલે 'સંપૂર્ણતા.'

'સ્કન્દપુરાણ'માં દર્શાવ્યા મુજબ, આ અરુણાચલ એક પ્રકાશસ્તંભ તરીકે પ્રગટ્યા. જેના બે છેડા શોધવા બ્રહ્મા અને વિષ્ણુ અસમર્થ રહ્યા હતા. આ પ્રકાશસ્તંભનો પ્રકાશ એટલો દેદીપ્યમાન હતો કે માનવચક્ષુથી નિહાળવો દુષ્કર હતો એટલે શિવે પ્રકાશસ્તંભ બની રહેવાને બદલે 'અરુણાચલગિરિ' તરીકે પ્રગટવું પસંદ કરી કહ્યું : 'જેમ ચંદ્ર પોતાનું તેજ સૂર્ય પાસેથી મેળવે છે તેમ અન્ય પવિત્ર સ્થાનો તેમની પવિત્રતા અરુણાચલ પાસેથી મેળવશે.' શિવે બ્રહ્મા અને વિષ્ણુને બહુ પ્રેમપૂર્વક કહ્યું કે, 'આ પવિત્ર અરુણાચલ જે મારી કૃપા પામ્યું છે તે તમારા માટે, તમારે લીધે ભલે માનવો માટે પણ મોક્ષપ્રાપ્તિનું ધામ બને. હું વરદાન આપું છું કે આ સ્થાનથી ત્રણ યોજનમાં (ત્રીસ માઈલમાં) જે હશે તે સર્વ કોઈ પણ વિધિવિધાન કે દીક્ષા વિના મારી સાથે એકરૂપ રહેશે. જડ-ચેતન તેમજ નિમ્નમાં નિમ્ન કોટિના અહીં હરતા-ફરતા તમામ જીવો શુભ સંકલ્પ સાથે જીવવામાત્રથી મોક્ષ પામશે. જે મારું દર્શન કે સ્મરણ કરશે તે સમસ્ત વેદાંતનું રહસ્ય જાણવા શક્તિમાન બનશે. મારું તેજોમય સ્વરૂપ, શાશ્વત, અચલ અરુણાચલ તરીકે અહીં સદા પ્રકાશમાન રહેશે. જળ, અગ્નિ કે વાયુ મને ઓગાળી શકશે નહિ, બાળી શકશે નહિ ને ડોલાવી શકશે નહિ. આ લિંગની આજુબાજુના બધા જ જીવો—પાપીઓ પણ દૂરથી પ્રણામ કરશે કે પાસે આવી પર્વતની પ્રદક્ષિણા કરશે તો મુક્તિ પામશે.'

પરમેશ્વરનાં આ પ્રેમવચનો સાંભળી બ્રહ્મા-વિષ્ણુએ શિવને પ્રણામ કરી પ્રાર્થ્યું : 'હે વિશ્વવિધાતા ! વર્ષમાં એક વાર કાર્તિકી પૂર્ણિમાએ જ્યારે કૃતિકા નક્ષત્ર ચઢે ત્યારે આ પર્વતને તેનો સાચો પ્રકાશ વિશ્વકલ્યાણાર્થે પ્રગટ કરવા દેવા કૃપા કરજો.' પણ પછી એક માર્મિક પ્રશ્ન કર્યો : 'જો અરુણાચલ આપ પર્વતસ્વરૂપે જ રહો

તો મનુષ્યો આપની પૂજા કેવી રીતે કરી શકશે ? કેવળ જળગર્ભ વાદળો જ તમારો અભિષેક કરી શકે. તમારા ઢોળાવ પર ઊભેલાં વૃક્ષો જ તમને પુષ્પો અર્પી શકે. કેવળ સૂર્ય અને ચંદ્ર જ તમારી આરતી ઉતારનારા દીપ બની શકે. તેથી હે પરમેશ્વર ! અમારી પ્રાર્થના સાંભળી પ્રત્યુત્તર આપવાની કૃપા કરો અને અહીં તેજોલિંગરૂપે સદૈવ પ્રતિષ્ઠિત રહો જેથી અમે અમારાં વિધિવિધાન દ્વારા તમને પૂજી શકીએ. આ માટે તમે પર્વતની પૂર્વ દિશામાં શિવલિંગ તરીકે સ્થિર રહેવાની કૃપા કરો. જેથી તમારી કૃપાથી અમે અમારાં દુરિતવૃત્તિ–વલણોમાંથી છૂટીએ. તમે અહીં અમારા ગુરુરૂપે બિરાજો જેથી અમે દેવો તેમજ મનુષ્યો મોક્ષ પામી શકીએ.' કરુણાસ્વરૂપ અરુણાચલ શિવે 'તથાસ્તુ' કહ્યું.

અરુણાચલ અવિદ્યા કે અજ્ઞાનને વિદારવા જ જ્ઞાનાગ્નિ તરીકે પ્રગટ થયા હોઈ વેદોએ પણ તેનું પ્રશસ્તિગાન કરતાં કહ્યું છે : 'સ્વર્ગના શિખર, પૃથ્વીના હૃદય સમા, સત્યના પ્રગટ સ્વરૂપ અરુણાચલ છે.' છેવટે બધાંએ અહીં જ આવવાનું છે, કેમ કે આ બધા જીવોનું મૂળ છે.

શ્રીરમણ મહર્ષિ 'અરુણાચલ પુરાણ'નું એક અવતરણ ટાંકતાં કહે છે : 'To think of Arunachala Siva is equivalent to repetition of "Nama Sivaya" thirty million times.'

અરુણાચલગિરિની પ્રદક્ષિણા એક એવો અગ્નિ છે કે કોઈ માને કે ન માને જે એને સ્પર્શે છે તેને એ ભસ્મીભૂત કરી દે છે. આ ગિરિપ્રદક્ષિણા કોઈ શ્રદ્ધાથી કરે કે શ્રદ્ધા વિના કરે તેના પર તે એવી અપાર કૃપા વરસાવે છે, તેનું એવું કલ્યાણ સાધે છે કે તે પર્વતની પરિક્રમા કરવા જીવ વારંવાર ચાહે.

સાધનાના નામે ઉપવાસ કે અન્ય કોઈ શારીરિક કષ્ટને

શ્રીરમણ મહર્ષિ કદી અનુમોદન આપતા નહિ પણ ગમે તેવા નિર્બળ, રોગી, અપંગ, અશક્ત કે વૃદ્ધ—કોઈને પણ તેઓ ગિરિપ્રદક્ષિણા કરતાં અટકાવતા નહિ, બહુ બહુ તો તેમને ધીમેથી ફરવાની સલાહ આપતા. શ્રીરમણ કોઈ પણ પ્રકારના સોગંદને નકારતા – સિવાય પ્રદક્ષિણાના સોગંદને ! ઘણાને તો તેઓ એ સોગંદ લેવા પ્રેરતા ! એક ભક્ત જે પોતાની સાધનામાં ઘણો આગળ નીકળી ગયેલો તેને આવી પ્રદક્ષિણાની જરૂર નહોતી જણાઈ, તેનું માનસ પલટી શ્રી રમણે તેને અરુણાચલની પ્રદક્ષિણાની મહત્તા સમજવા પ્રેર્યો હતો. ગિરિપ્રદક્ષિણા માટે શ્રી રમણનું એક જ સૂત્ર હતું : 'Do it once, you will find it.' કવિ મુરુગનારે કબૂલ્યું હતું કે પ્રદક્ષિણા કરતાં એમણે દેહભાન ગુમાવ્યું હતું અને પોતાનું સામાન્ય મનુષ્યપણું તે વીસરી ગયા હતા. એમને એટલે જ શ્રી રમણે કહ્યું : 'So, now you know.'

અરુણાચલની પ્રદક્ષિણાને શ્રીરમણ 'સંચારસમાધિ' કહેતા. તેમણે કૃતકૃત્ય થઈ કહેલું, 'આ પર્વત પરનો એકે અણુ એવો નથી, જેનો સ્પર્શ આ ચરણને ન થયો હોય !' 'પ્રદક્ષિણા' શબ્દનું માહાત્મ્ય કરતાં તેમણે કહ્યું :

'પ્ર' એટલે સર્વ પ્રકારનાં પાપોનો નાશ.

'દ' એટલે ઇચ્છાઓની પરિતૃપ્તિ.

'ક્ષિ' એટલે આગલા જન્મોમાંથી મુક્તિ.

'ણા' એટલે જ્ઞાન દ્વારા મોક્ષ.

જે પરમતત્ત્વ વિશ્વમાં વ્યાપ્ત છે એ જ અરુણાચલસ્વરૂપે મૂર્તિમંત છે, એ જ સૃષ્ટિના સર્જનહાર છે. એ સત્યનો બૌદ્ધિક સાક્ષાત્કાર શ્રીરમણે કર્યો અને એને અનુભવાત્મક બનાવવા પૂરાં ચોપન વર્ષ ત્યાં રહી દીર્ઘ સાધના કરી. આમ અરુણાચલને આરાધ્ય, ગુરુ બનાવી છેવટે એની સાથે એકરૂપતા સાધી શ્રી

રમણ મહર્ષિએ સ્વાનુભૂતિથી સિદ્ધ કર્યું કે, 'અરુણાચલ ભીતર પણ છે, બહાર પણ છે. આત્મા સ્વયં અરુણાચલ છે.'

'અરુણાચલનાં પ્રથમ દર્શને આપનો પ્રતિભાવ શો હતો ?' એવા એક ભક્તના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે શ્રીરમણ મહર્ષિએ કહ્યું હતું : 'મારા બધા પ્રતિભાવો શમી ગયા હતા.' હું અહીં આવ્યો—જોયું જાણ્યું કે અરુણાચલ એક પર્વત તરીકે ઊભા હતા પણ પછી 'દ્રષ્ટા કોણ ? દ્રષ્ટા રહ્યો જ નહિ. મેં આ જોયું કે ન જોયું એવું કહેવા મન જ બચ્યું નહોતું !'

શ્રીરમણ મહર્ષિને અરુણાચલ પ્રત્યે અનન્ય પ્રેમભાવ અને અસાધારણ આદરભાવ હતો. તેઓ કહેતા, 'અરુણાચલ પર્વતની માનસિક મૂર્તિ પણ સત્ય તેમજ સ્વ-રૂપના સાક્ષાત્કારની આડે આવનારા અનંત વિચારોની પરંપરાને શાંત કરવાની ક્ષમતા ધરાવે છે. જેમણે પોતાના મિથ્યા અસ્તિત્વને ઓળખી લીધું છે એનો અંત આણવા આ પૃથ્વી પર એક વિરલ ઔષધિ છે. એ ઔષધિ બીજી કોઈ નથી પણ મહાન અલૌકિક અરુણાચલ છે. દેખીતી રીતે આ પર્વત જડ શિલાઓનો સમૂહ છે છતાં પરમાત્માની પરમ ચેતનાનો પ્રતિનિધિ છે.'

શ્રીરમણે એમ પણ કહ્યું છે કે, 'અરુણાચલની વિધિવત્ પ્રદક્ષિણા કરનાર સ્ત્રીપુરુષ 'બ્રહ્માકાર' એટલે કે 'દેહધારી બ્રહ્મ' તરીકે રહે છે. આ સાર્થકતા સિદ્ધ કરવા, આ ધન્યતા અનુભવતા ઈચ્છતી પ્રત્યેક વ્યક્તિએ અરુણાચલની પ્રદક્ષિણા આપન્નસત્ત્વા મહારાણીની જેમ ધીરે ધીરે ચાલીને કરવી જોઈએ. ચાલતાં ચાલતાં કાંકરા વાગવાથી પગમાં છાલાં પડે એ દેવોના મુગટમાં હીરા બને છે.'

ડૉ.ટી.એમ.પી. મહાદેવને અરુણાચલનું માહાત્મ્ય કરતાં શ્રી રમણનું પણ સમાંતરે ગૌરવ કરતાં યોગ્ય જ કહ્યું છે : 'અરુણાચલ

એક પવિત્ર યાત્રાધામ છે, કારણ કે ત્યાં ભગવાન શિવને પ્રકાશ સ્વરૂપમાં પૂજવામાં આવે છે. વર્ષમાં એક વાર એ પર્વતના શિખર પર પવિત્ર જ્યોતિ પ્રગટાવવામાં આવે છે. પછી ત્યાં આત્મસાક્ષાત્કારની જીવંત જ્યોતિરૂપ શ્રી રમણ મહર્ષિની ઉપસ્થિતિ થતાં એ સ્થાન આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક કેન્દ્ર બની ગયું છે.'

શ્રીરમણ સત્તર વર્ષની વયે અરુણાચલ આવ્યા, અને અડધી સદીથી વધારે સમય સુધી અહીં જ રહ્યા, અહીંથી બે માઈલ કરતાં વધારે દૂર કદી ન ગયા. શ્રી અરુણાચલનું નામ સાંભળતાં જ મહાદેવની આજ્ઞા થઈ હોય એમ લાગ્યું અને સહજભાવે જ એ આજ્ઞાનું પાલન થયું ! અહીં શ્રીરમણને સર્વોચ્ચ નિરંહકાર દશા પ્રાપ્ત થઈ, જે એક વાર આવ્યા પછી ક્યારેય ચાલી જતી નથી એ આત્માની સનાતન સહજ અવસ્થામાં એ સદા સ્થિત રહ્યા. એટલે જ શ્રી રમણે ઊલટપૂર્વક દર્શાવ્યું છે કે, 'આ અરુણાચલ અદ્‌ભુત લોહચુંબક જેવો ગિરિ છે. જેઓ તેનું સ્મરણ કરે છે તેમને તે પોતાની તરફ ખેંચી લઈ જડવત્ બનાવી દે છે. એ તેમને છોડતો નથી. પોતાના તરફ ખેંચીને પોતાની સાથે જ તેમને જડી દે છે.'

અરુણાચલ પર્વત પર ઈ.સ.૧૮૯૬ની પહેલી સપ્ટેમ્બરે પધારી, પોતાના ઘરે—નિજધામ આવી ઈ.સ.૧૯૫૦ની ચૌદમી એપ્રિલ સુધી મહાનિર્વાણની અંતિમ પળ સુધી રહી; પોતાની અપ્રતિમ તપશ્ચર્યાના અનુષ્ઠાનથી અરુણાચલને શ્રીરમણે એવું પવિત્ર કરી મૂક્યું કે ગુજરાતના સંત શ્રીયોગેશ્વરે કહ્યું છે તેમ; 'અરુણાચલના પરમાણુઓમાં શ્રીરમણ મહર્ષિનાં તપઃપૂત પ્રાણપરમાણુઓ એવાં ભળી ગયાં છે કે આજે પણ એમની કાંતિપૂર્ણ મૂર્તિ ત્યાં તપ કરતી અને હરતીફરતી ભાસે છે.'

**—સંકલન**

## ॥ 'અરુણાચલ અક્ષરમણમલૈ' કૃતિનો પરિચય ॥

જેમ આદિ શંકરાચાર્ય મૂળ તો વેદાંતી, અદ્વૈતમાર્ગી અને આખી જિંદગી જ્ઞાનનો મહિમા ગાનારા, પણ છેવટે એ 'ભજ ગોવિન્દમ્'નું અનુપમ ભક્તિસ્તોત્ર આપે છે, એમ અભેદમાં માનનારા અદ્વૈતમાર્ગના અનુયાયી શ્રી રમણ મહર્ષિ મધુરા ભક્તિની હૃદયદ્રાવક અરુણાચલસ્તુતિવિષયક રચના 'અક્ષરમણમલૈ' આપે છે. એમને પોતાના અદ્વૈત અનુભવ અને અરુણાચલની ભક્તિ વચ્ચે કોઈ વિરોધભાવ દેખાયો નહોતો. વસ્તુતઃ ઉચ્ચતમ કક્ષાએ જ્ઞાન અને ભક્તિ વચ્ચે કોઈ વિરોધ હોઈ શકે જ નહિ. અદ્વૈતમાં ઈશ્વર કે ભક્તિભાવ માટે કોઈ સ્થાન નથી એ ખ્યાલ જ ખોટો છે. એક સંસ્કૃત શ્લોકમાં કહેવાયું છે : 'બહુ ઓછાને ઈશ્વરકૃપાથી અદ્વૈત તરફ વળવાની સ્ફુરણા થાય છે. ધર્મ અને રહસ્યવાદની ભાષામાં જે "ઈશ્વર" તરીકે ઓળખાય છે એ અદ્વૈતના "સૂક્ષ્મ ચૈતન્ય" જેવો જ છે.'

શ્રીરમણ મહર્ષિનાં મોટાભાગનાં લખાણો કોઈ ને કોઈ ભક્ત દ્વારા રજૂ થયેલ જિજ્ઞાસા, ઊભા કરાયેલ શંકા કે વિનંતીના પ્રત્યુત્તરરૂપે લખાયાં છે. છતાં કેટલાંક તીવ્ર આંતરિક અનિવાર્યતાના આવિષ્કારરૂપે પ્રગટ્યાં.

જ્યારે શ્રીરમણ મહર્ષિ અરુણાચલ પર્વત પરની વિરુપાક્ષ ગુફામાં રહેતા હતા ત્યારે પલનિસ્વામી અને અય્યરસ્વામી જેવા ભક્તોએ ગામમાં ભિક્ષા માગતાં ગાઈ શકાય એવું કોઈ ગીત રચી આપવા મહર્ષિને વિનંતી કરી, જેથી મહર્ષિના ભક્તો તરીકે લોકો તેમને ઝટ ઓળખી શકે. પણ ત્યારે તેમને મહર્ષિ

પાસેથી કોઈ પ્રતિભાવ મળ્યો નહિ. પણ થોડા સમય બાદ એક વાર મહર્ષિ અરુણાચલ પર્વતની પ્રદક્ષિણા કરતા હતા અને કેટલાક ભક્તો તેમની પાછળ ચાલતા હતા ત્યારે ‘અરુણાચલ અક્ષરમણમલૈ’ સ્તુતિ તેમને અચાનક, અલૌકિક રીતે, અનાયાસે એવી સ્ફુરી કે પ્રદક્ષિણા પૂરી થાય એ પહેલાં તો એમણે પ્રિયતમ અરુણાચલ માટે ૧૦૮ શ્લોકોની વરમાળ ગૂંથી કાઢી ! આ કાવ્ય અત્યંત ભાવવિહ્વળ અવસ્થામાં રચાયું હોવાથી એમની આંખોમાંથી અશ્રુધાર વહેવા માંડેલી અને એમનો સ્વર રૂંધાઈ ગયેલો. આ રચનાનો ઉપયોગ ભક્તો ભિક્ષા માગવા માટે વર્ષોવર્ષ કરતા રહ્યા એટલે મહર્ષિ મજાકમાં કહેતા, ‘આ સ્તોત્ર પર તો વર્ષો અમારું ગુજરાન ચાલ્યું છે.’

૧૪ એપ્રિલ, ૧૯૫૦ના રોજ મહર્ષિના મહાનિર્વાણની થોડી મિનિટો પહેલાં તેમના ભક્તો મહર્ષિ જે ખંડમાં સૂતા હતા તેમની સન્મુખ આ સ્તોત્ર ગાવા માંડ્યાં. અને ત્યાં એકત્રિત લોકસમૂહ બહુ સહજભાવે ‘અરુણાચલ શિવ, અરુણાચલ શિવ અરુણાચલા’ ગાતાં કોરસમાં જેવો જોડાયો કે મહર્ષિનાં નેત્રોમાંથી અશ્રુધાર વહેવા માંડેલી. આ રચનાના સંદર્ભમાં મહર્ષિએ પાછળથી કહ્યું હતું કે, ‘આ કોઈ પૂર્વધારણા કે સભાન સંકલ્પનું પરિણામ ન હતું પણ હૃદયમાંથી એ અણધારી અને અનાયાસે પ્રગટી હતી.’

આમ તો મહર્ષિએ ‘અરુણાચલ નવમનીમલૈ’ ‘અરુણાચલ અષ્ટકમ્’, ‘અરુણાચલ પંચરત્નમ્’ પણ રચી છે, પણ અરુણાચલના ગૌરવગાનની સર્વ કૃતિઓમાં ‘અક્ષરમણમલૈ’ શિરમોર છે. આર્થર ઑસબોર્ન કહે છે તેમ, ‘આ કૃતિમાં આત્મા

અને પરમાત્મા વચ્ચેના પ્રેમ અને સાયુજ્યની એવી પ્રભાવંત પ્રતીકાત્મકતા છે કે કોઈ પણ ભાષાની સૂક્ષ્મ, હૃદયસ્પર્શી રચનાઓમાં માગ મુકાવે એવી અસાધારણતા આમાં છે.'

'અરુણાચલ અક્ષરમણમલૈ' શીર્ષક જ અત્યંત ઔચિત્યસભર અને અર્થસમૃદ્ધ છે. એનો સીધો–પ્રગટ અર્થ છે 'અરુણાચલ કાજ અક્ષરોની વરમાળ.' આ વરમાળા પ્રિયતમ-પ્રિયતમાના સાયુજ્યનું પ્રતીક છે.

એનો બીજો અર્થ છે, 'માળાની મધુમય સુગંધ' કાવ્ય.

'અક્ષરમણમલૈ' કહેવાયું છે કારણ સ્તુતિના શ્લોકોના પ્રારંભિક અક્ષરો તામિલ વર્ણમાળાના ક્રમમાં છે.

'અક્ષરમણમલૈ'નો એક અર્થ 'અ-ક્ષર(શાશ્વત) પરમાત્મા સાથેના આત્માના સાયુજ્ય માટેની વરમાળા' પણ થાય છે.

વળી 'અક્ષ-રમણ-મલૈ' શીર્ષકમાં શ્રીરમણનું નામ પણ સમાવિષ્ટ છે. આ સ્તુતિમાં શ્લોકોની સંખ્યા ૧૦૮ છે એ પણ પવિત્રતાની સૂચક છે.

સૂફી રહસ્યવાદમાં ભક્ત પોતાને ઈશ્વરની પ્રિયતમા કલ્પે છે અને ઈશ્વર સાથે સંવાદ કરવા તે પ્રેમની આત્મીય પરિભાષા યોજે છે. આ પ્રેમસાધનામાં અદ્વૈતનો જ સાક્ષાત્કાર છે. શ્રી શ્રીરમણ મહર્ષિકૃત 'અરુણાચલ અક્ષરમણમલૈ'માં ભક્ત-પ્રિયતમાની 'હું અરુણાચલ છું' એ અનુભૂતિનો જ ૧૦૮ શ્લોકોમાં પ્રસ્તાર છે, વિસ્તાર છે. જ્યારે પ્રેમ પરિપક્વ બને છે અને પોતાની રીતે આવિષ્કૃત થાય છે ત્યારે અરુણાચલથી અતિરિક્ત કશું બચતું જ નથી. 'અરુણાચલ એ જ સર્વસ્વ અને સર્વસ્વ એ જ અરુણાચલ'નો ભાવ સતત આવર્તાય છે.

મહર્ષિએ આ ભવ્ય સ્તુતિકાવ્યના મૂળ ‘વસ્તુ’ કે ‘મંત્ર’ તરીકે ‘અરુણાચલ શિવ, અરુણાચલ શિવ, અરુણાચલા’ શબ્દો પ્રયોજ્યા છે, જે દરેક પંક્તિને અંતે ગવાય છે. આ મંત્રોચ્ચારમાં આખો સમૂહ જોડાઈ શકે છે. એટલે સમગ્ર કૃતિનું એક ભાવમય વાતાવરણ રચાય છે—એની સંવેદનાની એક વિશિષ્ટ આબોહવા ઊભી થાય છે. જેને પરિણામે રચના બહુ ભાવવાહી અને આકર્ષક લાગે છે.

સાધનાનો નિષ્કર્ષ અદ્વૈતના સાક્ષાત્કારમાં છે. જ્યાં સુધી દ્વૈતભાવ રહે છે ત્યાં સુધી પ્રેમ પરિતૃપ્ત થતો નથી. જ્યાં દ્વૈત છે ત્યાં સાચો પ્રેમ નથી. પ્રેમ એટલે જ અદ્વૈત. આ ભાવ આખી રચનાનું ચાલક—ધારક બળ છે. સમસ્ત કૃતિનો એકેએક શ્લોક આ એક જ સમ પર આવી ઊભો રહે છે : ‘Unite with me to destroy you and me and bless me with the state of ever-vibrant joy.’ એનું કારણ એક જ છે કે, ‘Arunachala-Siva is the Destroyer of otherness in the fire of Union.’

આર્થર ઑસબોર્ને શ્રી મહર્ષિનું અરુણાચલ સાથેનું અનન્ય તાદાત્મ્ય દર્શાવતાં કહ્યું છે : ‘Arunachala was not a rational but a spiritual choice and it would be more correct to say Arunachala chose Sriramana.’ આ પ્રેમની પારસ્પરિકતા એ ભક્તિને જે મધુર અદ્વૈતનું ગૌરવ અર્પે છે. એ ગરિમા શ્રીરમણકૃત ‘અરુણાચલ અક્ષરમણમલૈ’માં સાદ્યંત અનુભવાય છે.

**—સંકલન**

# ॥ અવતાર – એક રહસ્ય ॥

**૧. પ્રસ્તાવના :**

પ્રત્યેક ધર્મ કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પર પ્રતિષ્ઠિત હોય છે. હિન્દુધર્મમાં પણ આવા કેટલાક મૂળભૂત સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત છે.–અવતારનો સિદ્ધાંત.

**૨. અવતાર એટલે શું ?**

અવતારની ઘટનામાં પરમાત્મા માનવ બને છે, અમર્યાદિત મર્યાદિતમાં ઊતરી આવે છે. સાગર બિંદુમાં ઊતરી આવે છે. અવતાર પ્રથમ દૃષ્ટિએ અશક્ય લાગે તેવી ઘટના છે, પરંતુ કર્તુમકર્તુમન્યથાકર્તુમ્ સમર્થને કશું અશક્ય નથી.

પરમાત્મા માનવસ્વરૂપે આ પૃથ્વી પર અવતરિત થાય, તે ઘટનાને 'અવતાર' કહેવામાં આવે છે.

અવતારની ઘટના પરમાત્માની ઘણી વિશિષ્ટ અને ઘણી રહસ્યપૂર્ણ ઘટના છે. અવતારની ઘટનામાં પરમાત્મા પોતાની દિવ્ય ચેતનામાંથી ચ્યુત થયા વિના, દિવ્ય ચેતનામાં રહીને જ પૃથ્વી પર આવે છે. અવતારમાં પરમાત્મા પોતાનાં દિવ્ય જ્ઞાન, દિવ્ય પ્રેમ, દિવ્યદૃષ્ટિસહિત આવે છે. અવતારની ઘટનામાં પરમાત્મા માનવસ્વરૂપ ધારણ કરીને આવે છે, છતાં તે પોતાની સર્વશક્તિમત્તા, સર્વતંત્રસ્વતંત્રતા, સર્વજ્ઞતા આદિ સહિત આવે છે.

**૩. અવતારની લાક્ષણિકતાઓ :**

અવતારની હયાતીમાં અવતારને સમજવાનું, તેને ઓળખવાનું અને તેને સ્વીકારવાનું કાર્ય અતિ કઠિન છે. પ્રગટ પરમેશ્વરનો મહિમા સમજાય તો અતિ મૂલ્યવાન છે, પરંતુ સમજવો અને સ્વીકારવો કઠિન છે. માનવસ્વરૂપે આવેલા ભગવાનને કોણ જાણી શકે ?

सोई जानई तेहि देहु जनाई ।

(रामचरित मानस; अ.का. १२६–२.)

“જેને પ્રભુ પોતાનું સ્વરૂપ ઓળખાવે તે જ તેને ઓળખી શકે છે.”

પરંતુ આનો અર્થ એમ નથી કે અવતારને કોઈ રીતે ઓળખી શકાય તેમ જ નથી. અવતારને ઓળખવાનું કાર્ય કઠિન છે, છતાં અશક્ય નથી.

(૧) અવતારમાં બે ચેતનાઓ હોય છે—ભાગવતચેતના અને માનવચેતના. અવતારમાં માનવચેતના આગળ રહે છે અને ભાગવતચેતના પડદા પાછળ રહે છે. આમ છતાં ભાગવતચેતના સતત હાજર હોય છે, અને ગમે તે ક્ષણે ભાગવતચેતના આગળ આવી જાય છે.

(૨) અવતાર કામક્રોધાદિ આવેગોને આધીન હોતો નથી. કામક્રોધાદિ આવેગો પ્રકૃતિના આવેગો છે, અને અવતાર પ્રકૃતિને વશ નથી, પરંતુ પ્રકૃતિનો અધિપતિ છે. અવતારમાં કામક્રોધાદિ આવેગો સંભવે છે, પરંતુ તે ઘટનાનો અર્થ એવો નથી કે અવતાર તેમને આધીન છે. અવતાર પૂર્ણ સ્વતંત્ર છે, તે પ્રમાણે તે કામક્રોધાદિ આવેગોથી પણ પૂર્ણ સ્વતંત્ર છે.

(૩) ગમે તેવો મહાન પુરુષ, સમર્થ પુરુષ કે સિદ્ધ પુરુષ પણ અવતારને અતિક્રમી શકે નહિ, અભિભૂત કરી શકે નહિ. ભીષ્મ, વિદુર, અર્જુન, ઋષિઓ—સૌ મહાન છે, પરંતુ શ્રીકૃષ્ણની તોલે કોઈ આવી શકે નહિ. ભીષ્મ આદિ સૌ જીવો છે, અને શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમનો અવતાર છે, પુરુષોત્તમ પોતે જ છે.

(૪) અવતારના આગમન કે પ્રાગટ્ય પહેલાં તેમનાં માતાપિતા અને અન્ય કુટુંબીજનો તથા ભક્તજનોને અવતારના પ્રાગટ્યના સંકેતો મળતા હોય છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રી ચૈતન્ય

મહાપ્રભુ, શ્રીરામકૃષ્ણ આદિ અવતારોના જન્મવખતની અને જન્મપૂર્વેની ઘટનાઓને અભ્યાસ કરતાં આ લક્ષણ સ્પષ્ટ થાય છે.

(૫) અવતારમાં અસાધારણ શક્તિઓ હોય છે. સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, પૂર્ણસ્વતંત્રતા — આદિ વિશિષ્ટ શક્તિઓ અવતારને સહજ પ્રાપ્ત હોય છે.

(૬) અવતાર પોતાની ભગવત્તા પર પડદો નાખીને રહે છે, તેથી અવતારની હયાતીમાં બહુ ઓછા સદ્‌ભાગી માનવો તેને સમજી-સ્વીકારી શકે છે. અવતારના અંતર્ધાન થયા પછી તેને સર્વત્ર સ્વીકાર થવા માંડે છે. તેના નામનો જય જયકાર થાય છે.

(૭) અવતાર હંમેશાં સમાજના પ્રચલિત નીતિનિયમો પ્રમાણે જ વર્તે તેવું નથી. અવતાર પોતાની દિવ્ય ચેતનામાં જીવે છે, જે પરમ નૈતિક છે. નીતિના નિયમો ભગવાનના ચરણોમાંથી નીકળે છે. અવતાર નીતિને આધીન નથી, પણ નીતિનો અધિપતિ છે.

(૮) અવતારની ચેતના અને લીલાના ઊંડાણને કોઈ માપી શકે નહિ.

(૯) અવતાર ભક્તવત્સલ હોય છે, પ્રેમી હોય છે અને શરણાગતરક્ષક પણ હોય છે. અવતાર કૃપાળુ હોય છે. અવતાર પોતાના ભક્તો અને સમગ્ર જીવસૃષ્ટિ પર કૃપા કરીને જ અને કૃપા કરવા જ અહીં અવતરે છે.

(૧૦) જીવને સારાંનરસાં કર્મો, સંસ્કારો, પાપપુણ્ય, પ્રારબ્ધ, ઋણાનુબંધ આદિ હોય છે. જીવની ગતિમાં આ પરિબળો પણ ભાગ ભજવે છે. અવતાર સ્વરૂપતઃ જ નિત્યમુક્ત છે, તેથી આ પ્રકારના કોઈ પરિબળોનું કોઈ બંધન તેના પર સહેજ પણ નથી. અવતાર સર્વતંત્રસ્વતંત્ર છે.

(૧૧) જેમ જીવને જન્મજન્માંતરની પ્રક્રિયા હોય છે, તેમ

ભગવદાવતારને પણ જન્માંતર હોય છે. નર-નારાયણ અર્જુન-શ્રીકૃષ્ણરૂપે આવ્યા, તેવો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. શ્રીકૃષ્ણે શ્રીચૈતન્ય મહાપ્રભુરૂપે અવતાર ધારણ કર્યો. આમ અવતારમાં પણ જન્મજન્માંતરની ધાર જોવા મળે છે.

(૧૨) અવતાર આ ધરતી પર આવે ત્યારે તે પોતાની અભિન્નશક્તિ અને પરિકરોને પણ સાથે લાવે છે.

(૧૩) અવતારની ભાગવદ્ ચેતના સંપૂર્ણ પરિશુદ્ધ હોય છે, છતાં અવતાર સંતપુરુષની જેમ જ વર્તે તેવું નથી. અવતાર યોદ્ધો કે રાજપુરુષ પણ હોઈ શકે છે.

**૪. અવતારનો હેતુ :**

ભગવાનનું અવતરણ તો ભગવાનની લીલા છે અને લીલાનો કોઈ હેતુ ન હોય. નિર્હેતુકતા જ લીલાનું સ્વરૂપલક્ષણ છે. આ દૃષ્ટિથી અવતારના હેતુની વિચારણા નિરર્થક છે. આમ છતાં આપણે આપણી માનવદૃષ્ટિથી અવતારને સમજવા પ્રયત્ન કરીએ છીએ, તેથી અવતાર દ્વારા શું સિદ્ધ થાય છે, તે દૃષ્ટિ સમક્ષ અવતારના હેતુને સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧) પોતાના ભક્તો સાથે પ્રેમનું આસ્વાદન કરવા માટે ભગવાન અહીં અવતારરૂપે આવે છે.

(૨) માનવજાતની ચેતનામાં કોઈ મહાન પરિવર્તન કરવાનું હોય, તેને વિકાસની નવી દિશા આપવાની હોય ત્યારે તે કાર્ય માટે પરમાત્મા આવે છે.

धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे। (ગીતા, ૪.૮)

“ધર્મની સંસ્થાપના માટે હું યુગે યુગે જન્મ ધારણ કરું છું.”

(૩) માનવશરીરમાં રહીને, માનવીય સંજોગોમાં જીવતાં જીવતાં પરમાત્મામાં કેવી રીતે આરોહણ કરવું તેનું એક દૃષ્ટાંત

અવતાર આપણી સમક્ષ રજૂ કરે છે.

(૪) પોતાના ભક્તો અને સાધુ પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ માટે પણ પ્રભુ આવે છે.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। (गीता, ४.८)

“સાધુ પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના વિનાશ માટે (હું અવતાર ધારણ કરું છું)”

**૫. અવતારના પ્રકારો :**

અવતારમાં અભિવ્યક્તિની ભિન્નતા હોય છે. આમ હોવાથી અવતારના સ્વરૂપ, શક્તિ, કાર્યક્ષેત્ર આદિમાં ભિન્નતા જણાય છે. આ ભિન્નતાને દૃષ્ટિ સમક્ષ રાખીને અવતારોના પ્રકારો પાડી શકાય છે.

**(૧) પૂર્ણાવતાર કે લીલાવતાર :**

પરમાત્મા પોતાના પૂર્ણ સ્વરૂપે માનવદેહમાં અવતરે ત્યારે તે સ્વરૂપના અવતારને પૂર્ણવતાર કે લીલાવતાર કહેવામાં આવે છે. ભગવાન નારાયણ શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીચૈતન્ય, શ્રીરામકૃષ્ણ આદિ પૂર્ણાવતાર કે લીલાવતાર છે.

**(૨) અંશાવતાર :**

પરમાત્મા પોતાના અમુક અંશથી અવતરે ત્યારે તે અંશાવતાર કહેવાય છે. દત્તાત્રેય આદિ અંશાવતાર ગણાય છે.

**(૩) અંશાંશાવતાર :**

સૃષ્ટિસંચાલન માટે બ્રહ્માજીના સાત મરીચિ આદિ ઋષિઓ તથા મનુ વગેરે પણ હોય છે તેઓ અંશાંશાવતાર ગણાય છે.

**(૪) કલાવતાર :**

પ્રત્યેક યુગમાં પરમાત્મા કોઈ વિશિષ્ટ કાર્ય માટે પોતાની અમુક કલાથી અવતરે છે, તે સ્વરૂપના અવતારને કલાવતાર

કહેવામાં આવે છે. વ્યાસ, કપિલ આદિ કલાવતાર ગણાય છે.

**(૫) આવેશાવતાર :**

કોઈ વિશિષ્ટ સંયોગોમાં, કોઈ વિશિષ્ટ કાર્ય સિદ્ધ કરવા માટે પરમાત્મા કોઈ સમર્થ પુરુષમાં અમુક નિશ્ચિત સમય માટે પોતાની ચેતના મૂકે છે. તે નિશ્ચિત સમય માટે તે પુરુષ પરમાત્માની ચેતના અને શક્તિથી યુક્ત થઈને તે મહાકાર્ય પૂરું કરે છે. તે સમયે તે પુરુષ પરમાત્માનો આવેશાવતાર ગણાય છે. ભગવાન પરશુરામ પરમાત્માનો આવેશાવતાર ગણાય છે.

**૬. અવતાર અને જીવ :**

અવતાર ઈશ્વર છે, અને જીવ જીવ છે. ઈશ્વર અને જીવ વચ્ચે કેટલીક સમાનતાઓ છે, અને કેટલીક ભિન્નતાઓ પણ છે. અવતાર અને જીવ, બંને સચેતન છે અને બંને માનવશરીરમાં આવેલા છે. મૂલતઃ બંને સચ્ચિદાનંદસ્વરૂપ છે. આમ છતાં બંને વચ્ચે કેટલીક મૂળભૂત ભિન્નતા પણ છે.

(૧) ઈશ્વર એક છે, જીવ અનેક છે. એક જ ઈશ્વરના અનેક અવતારો થાય છે. જીવ અનેક છે, અને પ્રત્યેક જીવના જન્મો થાય છે.

(૨) જીવના જીવનકર્મ પર કર્મનો નિયમ કામ કરે છે. જીવને પ્રારબ્ધકર્મોનો ભોગ હોય છે અને નવાં સંચિત કર્મો પણ બને છે. અવતાર કર્મના નિયમથી સર્વથા મુક્ત છે. ઈશ્વર નિયતિને આધીન નથી કારણ કે ઈશ્વર નિયંતા છે.

(૩) જીવ માયાબદ્ધ છે, અવતાર માયાપતિ છે.

(૪) જીવ પ્રકૃતિને આધીન થઈને સૃષ્ટિચક્રમાં ફરે છે. ઈશ્વર પ્રકૃતિને આધીન થઈને નહિ, પરંતુ પ્રકૃતિના અધિપતિ તરીકે સૃષ્ટિમાં આવે છે, સ્વસંકલ્પથી આવે છે.

(૫) જીવનો જન્મ અજ્ઞાનજન્ય અને અવશપણે થાય છે. પરમાત્મા સજ્ઞાન રીતે અને પોતાના દિવ્ય સંકલ્પપૂર્વક અવતરે છે.

(૬) અવતાર અને જીવની જન્મ ધારણ કરવાની પ્રક્રિયા પણ ભિન્ન ભિન્ન હોય છે. જીવ પોતાનાં કર્મોના ફળ પ્રમાણે અર્થાત્ પ્રારબ્ધવશાત્, પ્રાકૃતિક વેગને આધીન બનીને બેભાન અવસ્થામાં જન્મે છે. ક્યાં જન્મ ધારણ કરવો, ક્યારે જન્મ ધારણ કરવો, ક્યા રૂપે જન્મ ધારણ કરવો—તેમાં જીવની કોઈ સ્વતંત્રતા નથી. જીવ અવશપણે ઘસડાય છે. ઈશ્વર પોતાની દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને, પ્રકૃતિના અધિપતિ તરીકે, પોતે ઇચ્છે ત્યારે, પોતે ઇચ્છે તે રૂપે, પોતાની ઇચ્છાને અનુરૂપ જન્મ ધારણ કરે છે. અવતાર તરીકે પણ તે સજ્ઞાન, સચેતન, સ્વતંત્ર અને સર્વસમર્થ જ હોય છે. જીવ પ્રકૃતિને આધીન છે, ઈશ્વર કોઈને આધીન નથી.

(૭) અવતારનો જન્મ અને કર્મો દિવ્ય હોય છે. જીવના જન્મ અને કર્મો લૌકિક અને પ્રાકૃતિક હોય છે.

(૮) જીવ બ્રહ્મનિષ્ઠ કે બ્રહ્મસ્વરૂપ બની શકે છે, તો પણ બ્રહ્મનિષ્ઠ પુરુષ અને અવતાર વચ્ચે ઘણી ભિન્નતા છે, સ્વરૂપગત ભિન્નતા છે.

બ્રહ્મનિષ્ઠ પુરુષ મુક્તાત્મા છે, છતાં તે જીવ છે, અને અવતાર તો ઈશ્વર છે, વિશ્વનિયંતા છે. જીવ બ્રહ્મનિષ્ઠ બનીને બ્રહ્મ સાથે એકત્વ પામી શકે છે, પરંતુ ઈશ્વર બની શકતો નથી.

ઈશ્વર કૃપા કરીને જીવોને મુક્તિ આપી શકે છે, મુક્તાત્મા અન્ય જીવને મુક્તિયાત્રામાં માર્ગદર્શન અને સહાય આપી શકે છે, પરંતુ મુક્તપુરુષ અન્ય જીવને મુક્તિ આપી શકે નહિ.

જીવ બ્રહ્મસ્વરૂપ બને તો પણ પુરુષોત્તમ બની શકે નહિ, અવતાર તો પુરુષોત્તમ જ છે.

અવતાર ઈશ્વર હોવાને નાતે સૃષ્ટિનો સ્રષ્ટા, પાલનકર્તા અને સંહર્તા છે, જીવ અધ્યાત્મની ટોચ પર પહોંચે, મુક્તાત્મા બને, બ્રહ્મનિષ્ઠ બને તો પણ સૃષ્ટિનો સ્રષ્ટા, પાલનકર્તા કે સંહર્તા બની શકે નહિ.

(૯) અવતારની ઘટનામાં દિવ્ય ચેતનાનું અહીં, આ ધરાતલ પર માનવસ્વરૂપમાં અવતરણ (Descent) છે. જીવ ભગવાન પ્રત્યે આરોહણ (Ascent) કરે છે. બ્રહ્મનિષ્ઠ, જીવનમુક્ત યોગીપુરુષોનું આધ્યાત્મિક ઉત્થાન પણ ઊર્ધ્વારોહણ અર્થાત્ નીચેથી ઉપર જવાની (Ascent) ઘટના છે. અવતારની ઘટનામાં દિવ્ય ચેતના ઉપરથી નીચે ઊતરી આવે છે. તેમાં અવતરણ (Descent)ની ઘટના છે.

(૧૦) સામાન્ય બદ્ધ જીવ અજ્ઞાની અને અસમર્થ હોય છે મુક્ત પુરુષ સજ્ઞાન હોય છે, પરંતુ સર્વજ્ઞ અને સર્વસમર્થ હોતો નથી. અવતાર પોતાના સ્વરૂપ વિશે સંપૂર્ણ સજ્ઞાન હોય છે, અને તે સર્વજ્ઞ તથા સર્વસમર્થ પણ હોય છે.

**૭. અવતારનું માનવીય પાસું :**

અવતાર એટલે માનવસ્વરૂપે આવેલા ભગવાન. અવતારમાં મૂળભૂત રીતે ભાગવત ચેતના કાર્ય કરે છે, પરંતુ અવતારનું બાહ્ય સ્વરૂપ તો માનવનું જ હોય છે, તેથી અવતારને માનવીય પાસું પણ હોય છે.

(૧) અવતાર આ બધા મનોશારીરિક ધર્મો સ્વીકારે છે, પરંતુ કોઈ પણ ક્ષણે તેમને અતિક્રમી શકે છે. અવતાર માનવસહજ મનોશારીરિક ધર્મોને સ્વેચ્છાથી સ્વીકારે છે, પરંતુ અવતાર તેમનાથી બદ્ધ નથી. અવતાર આ પ્રકારના ધર્મોથી કોઈ પણ ક્ષણે મુક્ત થઈ શકે છે. અવતારના મનોશારીરિક ધર્મો તેમના પ્રારબ્ધનો ભોગ નથી, પણ તેમની લીલા છે. જીવ

પોતાના મનોશારીરિક ધર્મો દ્વારા બદ્ધ છે. અવતાર મનોશારીરિક ધર્મો સ્વેચ્છાએ સ્વીકારે છે અને ઇચ્છે તો, ઇચ્છે ત્યારે તેમને અતિક્રમી શકે છે.

(૨) અવતારનો વ્યવહાર લીલામય છે, પરંતુ લીલાનો અર્થ ઢોંગ કે નાટક નથી. અવતાર જે મનોશારીરિક સંવેદનાઓ અને લાગણીઓ અનુભવે છે, તે ખરેખર અનુભવે છે. અવતારના લીલામય વ્યવહારની પાંચ લાક્ષણિકતા છે.

(i) લીલામય વ્યવહાર સ્વેચ્છાએ કર્મબંધન નથી.

(ii) અવતારના લીલામય વ્યવહારને કર્મબંધન નથી.

(iii) અવતાર આ લીલામય વ્યવહારને ઇચ્છે ત્યારે એક ક્ષણમાં અતિક્રમી શકે છે.

(v) અવતારના આ લીલામય વ્યવહાર વખતે પણ અવતારની ભાગવત ચેતના નિઃસંગ હોય છે.

(vi) અવતારનાં આ કર્મો દ્વારા તેમને કર્મફળ લાગતું નથી, કારણ કે અવતાર કર્મના નિયમથી સર્વથા મુક્ત હોય છે.

(૩) અવતાર સર્વસમર્થ હોવા છતાં તેની માનવલીલામાં કોઈવાર નિષ્ફળતાને પણ સ્થાન છે. જરાસંઘથી કંટાળીને શ્રીકૃષ્ણ યાદવોને દ્વારિકામાં દોરી ગયા અને રણછોડ કહેવાય. કાલયવનથી ડરીને ભાગ્યા, તો પણ શ્રીકૃષ્ણ ભગવદ્‌વતાર તો છે જ.

(૪) અવતારપૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં તે સદાસર્વદા પૂર્ણ પુરુષોત્તમની જેમ જ જીવે છે, તેવું નથી. અવતાર અહીં માનવસ્વરૂપ ઓઢીને આવેલા પૂર્ણ પુરુષોત્તમ છે, જો અવતાર માત્ર પૂર્ણ પુરુષોત્તમની જેમ જ જીવે અને તેનામાં માનવીય પાસું હોય જ નહિ તો તેના માટે આ પૃથ્વી પર અવતાર ધારણ કરવાનો અર્થ શો છે ? અવતાર માનવસ્વરૂપે આવેલા ભગવાન

છે, તેથી તેની અવતારલીલામાં માનવીય પાસું પણ હોવાનું જ.

સીતાના વિયોગમાં રામ રુદન કરે તેથી તેના અવતારત્વમાં કોઈ બાધા આવતી નથી, બલ્કે તેનાથી તેમનું અવતારત્વ વધુ સ્પષ્ટ રીતે ખીલી ઊઠે છે.

(૫) અવતાર જન્મથી જ પોતાના અવતાર વિશે સભાન હોય છે, તેવું નથી. તો શું ભગવાન પોતાના સ્વરૂપને ભૂલી શકે ? હા, ભૂલી શકે ! એ જ છે ભગવાનની આત્મગોપનલીલા.

આત્મગોપન લીલાઅવતારની લીલાનું મહત્ત્વપૂર્ણ પાસું છે. અવતાર એટલે માનવચેતનાનો અંધારપછેડો ઓઢીને આવેલા ભગવાન. અવતારની લીલાને સમજવા માટે આત્મગોપનની આ પ્રક્રિયાને સતત નજર સમક્ષ રાખવી જોઈએ.

(૬) અવતાર સર્વસમર્થ પ્રભુ છે, તો તેની હાજરીમાં, તેની હયાતીમાં દેશમાં દુષ્કાળ પડે છે ? યુદ્ધો કેમ થાય છે ? સમાજમાં અપરંપાર વિટંબણાઓ કેમ રહે છે ? આવા પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે.

અવતાર અહીં પૃથ્વી પર ચમત્કારો સર્જવા માટે આવે છે, તેવું નથી. પ્રવર્તમાન સામાજિક, નૈસર્ગિક કે ધાર્મિક પરિસ્થિતિમાં ચમત્કારિક પરિવર્તનો કરી નાખે તો જ તે અવતાર ગણાય તેવું નથી. અવતાર ધારે તો બધું જ કરી શકે, પરંતુ ધારે તો કંઈ પણ કર્યા વિના ચૂપ પણ બેસી શકે છે. અવતાર સદાસર્વદા ભાગવત ચેતનામાંથી વ્યવહાર કરે.

(૭) શું અવતાર પણ સાધના કરે ? અવતાર પણ અધ્યાત્મપથના પથિક બની શકે ? ભગવાન પોતે જ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરે ?

હા, અવતાર પણ સાધના કરે છે. ભગવાન પોતે

અધ્યાત્મપથના પથિક બની શકે છે. ભગવાન પોતે પણ ભગવાનની પ્રાપ્તિ માટે સાધનાનું પરિશીલન કરે છે.

**૮. સમાપન :**

અવતારનો સિદ્ધાંત આર્ષદષ્ટિનું એક મહત્ત્વપૂર્ણ દર્શન છે. સત્યનો સ્વીકાર કે અસ્વીકાર કરવા માટે વ્યક્તિ સ્વતંત્ર છે, પરંતુ સત્યનો અસ્વીકાર મૂઢતા છે, એ આત્મઘાતક છે. ભગવાન શ્રીકૃષ્ણે ચેતવણી આપી છે.

अवजानन्ति मां मूढाः मानुषीं तनुमाश्रितम् ।

"મનુષ્યશરીર ધારણ કરનાર મારી, મૂઢ લોકો અવગણના કરે છે."

આપણી પરંપરામાં અવતારોની ગણના બે રીતે થાય છે— દશાવતાર અને ચોવીસ અવતાર. આમ છતાં આથી અધિક અવતારો હોય જ નહિ, તેવું નથી.

શ્રીમદ્ ભાગવતમાં આ સિવાય પણ અન્ય અવતારો હોઈ શકે, તેમ કહ્યું છે.

अवतारा ह्यसंख्येया हरे सत्त्वनिधेर्द्विजाः ।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥

(श्रीमद् भागवत; १.३.२६)

"હે બ્રાહ્મણો ! જેમ અગાધ સરોવરમાંથી હજારો ઝરણાંઓ નીકલે છે, તેમ સત્ત્વનિધિ ભગવાન શ્રીહરિના અસંખ્ય અવતારો થાય છે."

આમ દશ કે ચોવીસથી અતિરિક્ત અન્ય અવતારો પણ હોઈ શકે છે. દશ કે ચોવીસ તો ઉપલક્ષણથી ગણાવ્યા છે.

—શ્રીભાણદેવજી

## ॥ જીવન જો એક ખેલ હોય તો તેના નિયમો છે ॥

છેવટે આપણને મોકલી જ દેવામાં આવ્યા ! એ આપણી ઇચ્છા હતી કે અરજી, ડર હતો કે સાહસવૃત્તિ, અણગમો હતો કે મહત્ત્વાકાંક્ષા, આપણને કોઈને ખબર નથી પણ અલ્ટિમેટલી 'વન ફાઈન મૉર્નિંગ' પૂછ્યા વગર આપણને આ ધરતી પર મોકલી જ દેવામાં આવ્યા. જે રીતે માંડ સૅટ થયેલા કોઈ સરકારી અધિકારીની અચાનક બદલી કરવામાં આવે, એ રીતે કોઈ એક અવસ્થા, અવકાશ કે ચૈતન્યમાં સ્થાયી થયેલા આપણને 'ટ્રાન્સફર ઑર્ડર્સ' પકડાવી દેવામાં આવ્યા અને એક મનુષ્ય તરીકે આ પૃથ્વી પર આપણું અવતરણ થયું.

મનુષ્ય તરીકે અવતરવાના કેટલાક નિયમો હતા. જો આપણા મનુષ્ય અવતારની મુસાફરીને સુખી, સમૃદ્ધ, સફળ અને સાર્થક બનાવવી હોય, તો એ નિયમો યાદ રાખવા બહુ જરૂરી હતા. પણ ભુલાતા ગયા. પાન કાર્ડ, લાઈસન્સ કે આધાર કાર્ડની જેમ 'મનુષ્ય હોવાના નિયમો'ની એક લૅમિનેટેડ કૉપી જો સાથે રાખવી ફરજિયાત હોત, તો કદાચ આપણને એ નિયમો યાદ રહ્યા હોત. કાર્ટર-સ્કૉટ દ્વારા લખાયેલા અદ્‌ભુત પુસ્તક 'If Life Is A Game, These Are The Rules'માંથી એ ભુલાઈ ગયેલા નિયમોનું થોડું રિવિઝન કરી લઈએ

**નિયમ ૧ :**

**તમને એક શરીર આપવામાં આવશે :**

એ તમને ગમે કે ન ગમે, પણ સમગ્ર મનુષ્યઅવતાર દરમિયાન એ શરીર ફક્ત તમારી માલિકીનું રહેશે. તમે એની કાળજી રાખો કે અવગણના કરો, એના પર ગર્વ અનુભવો કે શરમ, કૃતજ્ઞતા રાખો કે ક્રોધ, પણ અલ્ટિમેટલી છેક સુધી એ તમારી સાથે રહેશે. સાફસફાઈ, થોડો ઘણો શણગાર અને મૅઈન્ટેનન્સ સિવાય એ શરીરમાં કોઈ મુખ્ય ફેરફારો કરી નહિ શકાય.

**નિયમ ૨ :**

**તમને પાઠ ભણાવવામાં આવશે :**

તમારું ઍડમિશન એક ફૂલ-ટાઈમ અને અનૌપચારિક નિશાળમાં કરવામાં આવશે, જેનું નામ હશે જિંદગી. આ નિશાળમાં દરરોજ તમને એક નવો પાઠ ભણાવવામાં આવશે. એ પાઠ તમને પ્રસન્ન કરે કે દુઃખી, પ્રસ્તુત લાગે કે અપ્રસ્તુત, મોજ કરાવે કે કંટાળો અપાવે, હકીકત એ છે કે તમારે દરરોજ ભણવું પડશે.

**નિયમ ૩ :**

**તમારા કાર્યકાળ દરમિયાન ભૂલો જેવું કશું જ નહિ હોય, ફક્ત બોધપાઠ હશે :**

વૃદ્ધિ પામવા માટે તમારે સતત પ્રયોગશીલ રહેવું પડશે. વ્યક્તિગત ઉન્નતિનો એક જ માર્ગ છે : 'ટ્રાયલ ઍન્ડ ઍરર.' વૃદ્ધિ અને સફળતા માટે નિષ્ફળ ગયેલા પ્રયોગો અને પ્રયત્નોનું પણ સવિશેષ મહત્ત્વ રહેશે.

**નિયમ ૪ :**

**જ્યાં સુધી શીખશો નહિ, ત્યાં સુધી એકના એક પાઠનું પુનરાવર્તન કરવામાં આવશે :**

જિંદગીના અભ્યાસક્રમમાં આવેલો પાઠ, પીડા કે પરિસ્થિતિ ત્યાં સુધી તમારો પીછો નહિ છોડે જ્યાં સુધી એણે ભણાવેલું પ્રકરણ તમે સમજી નથી જતા. એ પાઠ બરાબર સમજી લીધા પછી જ તમને આગલો પાઠ ભણાવવામાં આવશે.

**નિયમ ૫ :**

**અભ્યાસક્રમ ક્યારેય પૂરો નહિ થાય :**

જીવનના છેલ્લા શ્વાસ સુધી તમારે શીખતાં રહેવું પડશે. એક વાર પ્રવેશ મેળવ્યા બાદ નિશાળમાંથી ત્યાં સુધી રજા કે વૅકેશન નહિ મળે, જ્યાં સુધી તમારા હાથમાં 'Leaving Certificate' પકડાવી દેવામાં ન આવે.

**નિયમ ૬ :**

**‘આ જગ્યા’ કરતાં ‘પેલી જગ્યા’ ક્યારેય વધારે સારી નહિ હોય :**

નદીને પેલે પાર રહેલું ઘાસ તમને હંમેશાં વધારે લીલું અને આકર્ષક લાગશે. ‘અહીંયા’, ‘આ જગ્યા’ કે ‘અત્યારની અવસ્થા’ કરતાં ‘ત્યાં’, ‘પેલી જગ્યા’ કે ‘પછીની અવસ્થા’ તમને હંમેશાં વધારે લોભામણી લાગશે પણ તે એક છેતરામણી અનુભૂતિ હશે. એનો પીછો કર્યા બાદ ધારો કે તમે ‘ત્યાં’ કે ‘તે અવસ્થા’ એ પહોંચી જશો, તો થોડા જ સમય પછી ફરી પાછી કોઈ નવી જગ્યા કે અવસ્થા તમને આકર્ષક લાગવા માંડશે. માટે, ‘અહીંયાં’ કરતાં વધારે સારી બીજી કોઈ જગ્યા નથી.

**નિયમ ૭ :**

**તમને મળનારી દરેક વ્યક્તિ તમારું જ પ્રતિબિંબ હશે :**

There are no others. આ પૃથ્વી પર વસતો દરેક જણ તમારું જ કોઈ અન્ય સ્વરૂપ હશે. અન્યમાં રહેલી જે બાબતને તમે પ્રેમ કે નફરત કરશો, હકીકતમાં એ તમારામાં જ રહેલી કોઈ લાક્ષણિકતા હશે.

**નિયમ ૮ :**

**તમારું સમગ્ર જીવન તમારી માલિકીનું રહેશે :**

એનું શું કરવું ? એ તમારે નક્કી કરવાનું રહેશે. તમારી પાસે તમામ સાધનો, સંસાધનો અને સંવેદનાઓ હશે. તમે શસ્ત્ર વાપરશો કે સહાનુભૂતિ ? ક્રોધ કરશો કે કરુણા ? યાચક બનશો કે સહાયક ? ઉપાસક બનશો કે ઉદ્ધારક ? એનો નિર્ણય તમારે જ કરવાનો રહેશે.

**નિયમ ૯ :**

**તમારા તમામ પ્રશ્નોના જવાબો તમારી અંદર રહેલા હશે :**

આત્મ-નિરીક્ષણ અને ચિંતન દ્વારા તમે કોઈ પણ પ્રશ્ન કે સમસ્યાનું નિરાકરણ લાવી શકશો. ઉત્તરો અને ઉપાયો તમારી અંદર જ રહેલા હશે.

**નિયમ ૧૦ :**

નિશાળ છોડ્યા બાદ આમાંનું કશું જ તમને યાદ નહિ રહે.

**—શ્રીકાર્ટર સ્કૉટ**

# ॥ કાર્ય એટલે મૂર્તિમંત પ્રત્યક્ષ પ્રેમ ॥

શ્રીઅરવિંદ કહે છે : 'કાર્ય એ પૂજા છે,' ખલિલ જિબ્રાનના મતે 'કાર્ય એટલે દૃશ્યમાન પ્રેમ', મૂર્તિમંત પ્રત્યક્ષ પ્રેમ. શ્રી દિલીપકુમાર રૉયના જીવનમાં આ શબ્દો યથાર્થ માલૂમ પડે છે.

તેઓશ્રી જે પણ કાર્ય હાથમાં લેતા તે સંપૂર્ણ આત્મસાત્ થયેલું તેમજ નિતાન્ત નિષ્ઠાપૂર્વક રહેતું. પછી તે સંગીત હોય, સ્વરાંકન હોય, ભાષાંતર હોય, લેખન કે પ્રૂફ તપાસવાનું હોય. આ વર્ષોમાં ભાગ્યે જ કોઈ એવો દિવસ હશે કે જ્યારે એમણે વહેલી સવારની સ્વરની પ્રૅક્ટિસ; એમનાં આસનો કે એમની કસરત, ચૂક્યા હોય. થોડા અપવાદરૂપ દિવસોને બાદ કરતાં તેઓશ્રીએ તેમનું કાર્ય કદી બંધ રાખ્યું નથી.

તેઓ કહેતા, 'મારે શા માટે કાર્ય ન કરવું ? મારું મન માંદું નથી. તેઓ એમ પણ કહેતા કાર્ય કરવાની ઝંખના મારામાં બહુ તીવ્ર છે. જો ગીતામાં ભગવાને જ્ઞાન અને ભક્તિ બે જ માર્ગ દર્શાવી, કર્મનો માર્ગ ન બતાવ્યો હોત તો તો મારો તો આત્મા જ ખોવાઈ જાત. (હું ખોવાયેલ આત્મા બની જાત.) ધન્ય હો પ્રભુ ! કે તમે કર્મ પર—નિષ્કામ કર્મ પર ભાર મૂક્યો છે. હું સદ્ભાગી છું કે હું મારા કાર્યને પ્રેમ કરું છું. પછી એ સંગીત હોય, કાવ્યલેખન હોય, વાંચન હોય કે પ્રૂફ સુધારવા જેવું કંટાળાજનક કાર્ય હોય, પુનરાવર્તન હોય કે અવાજની પ્રૅક્ટિસ હોય !'

તે જે કંઈ કરતા એમાં એવા તલ્લીન થઈ જતા કે પોતાની આજુબાજુ જે કંઈ થયા કરતું એનાથી સંપૂર્ણ અનભિજ્ઞ રહેતા, એ જ ઓરડામાં કોઈ વાતો કરે, ગાય કે નૃત્ય કરે એમને વ્યક્તિગત કોઈ ન બોલાવે ત્યાં સુધી એ ખલેલ પામતા નહિ. દાદાજી કહેતા; 'મારા કેટલાક કાકાના છોકરા નાના ગામડામાંથી કલકત્તા ભણવા આવતા ત્યારે મારો ઓરડો એમની સાથે વહેંચાતો ત્યારે કોઈ વાયોલિનની પ્રૅક્ટિસ કરે, કોઈ કવિતા મોટેથી લલકારે પણ હું મારા કાર્યમાં જરા પણ ખલેલ પામ્યા વિના ડૂબેલો રહેતો. મારા કાર્યમાં હું ધ્યાન કરતાં પણ વધારે તલ્લીન-તદાકાર રહેતો.'

આવા મહાનુભાવની મહાનતા સંવાદિતામાં રહે છે. તેમના જીવનનો પ્રત્યેક તંતુ એવો વણાયેલો હતો કે,

દરેક સ્વર સંવાદિતાભર્યો રહેતો. આ લય તેમની આધ્યાત્મિક સિદ્ધનું રહસ્ય છે.

—શ્રીઈન્દિરાદેવી

## ॥ સુભાષબાબુના ઘરે ॥

અમે જ્યારે લક્ષ્મીનારાયણ મંદિરમાં ઉતારો કર્યો હતો ત્યારે અમને ખ્યાલ નહોતો કે નજીકમાં જ રાષ્ટ્રીય નેતા સુભાષબાબુનું ઘર રાષ્ટ્રીય સ્મારક તરીકે હજી પણ હયાત છે. પૂ.'મા' સર્વેશ્વરીને જાણ થઈ કે તરત જ તેમણે ત્યાં જઈ દર્શન કરવાનો નિર્ણય કરેલો. કેમકે પૂ.'મા'ના હૃદયમાં પણ દેશભાવના સારા પ્રમાણમાં કાર્યરત હતી. વળી સુભાષચંદ્ર બોઝને કોણ ઓળખે નહિ ? સમસ્ત જગતના વીરપુરુષોમાં જેનું નામ આગલી હરોળમાં ગણાય છે તેને માટે કોના હૃદયમાં માનનો અભાવ હોય ! સાચા ભારતીય તરીકે એવી કોઈ વ્યક્તિ નહિ હોય કે જે સુભાષચંદ્ર બોઝના ઈતિહાસને ન જાણતી હોય ! વળી પૂ.'મા' તો ડબલ ગ્રેજ્યુએટ થયેલાં અને સુરતની આગળ પડતી શાળામાં આચાર્ય તરીકે સેવા આપી ચૂકેલાં. એટલે સ્વાભાવિક રીતે આઝાદીના ઈતિહાસની જાણકારી તેમને હોય જ. તેમના હૃદયમાં સુભાષબાબુ માટે અનન્ય પ્રકારની પ્રેમભાવના હતી જ. તેથી જ તો એકવાર નહિ પણ બબ્બેવાર ત્યાં જવાના પ્રસંગો પૂ.'મા' એ ઊભા કર્યા હતા. વળી યાદ કરો, કાયાવરોહણ શિબિરમાં ત્રણેત્રણ દિવસ સાંજે અંતિમ કાર્યક્રમ દેશભક્તિનાં ગીતો ગવડાવી સમાપ્ત કરવામાં આવતો હતો તે પ્રસંગ ! દેશદાઝની સુગંધ પ્રસરાવતાં પૂ.'મા' સર્વેશ્વરી, આખી મંડળીને લઈ ગયાં સુભાષબાબુના ઘરમાં, તા.૨૧ મી જુલાઈ ૧૯૮૫ની સાંજે અને ત્યાં ગૌરવશાળી ભૂતકાળની અપ્રતિમ ગાથાની યાદગીરીની ગંગામાં આખી મંડળીને નિમગ્ન કરી દીધી !

કેવો ભવ્ય ભૂતકાળ ! મને હરિપુરા કોંગ્રેસનું અધિવેશન યાદ આવી ગયું. ઈ.સ.૧૯૩૯નો તે સમય હશે. ત્યારે જો કે

અમે નાના પ્રાથમિક શાળાના નિશાળિયાઓ હતા. બહુ બહુ તો આઠ નવ વર્ષની ઉંમર હશે. તાપી નદીને કિનારે એક ભવ્ય નગરનું જે નિર્માણ કરવામાં આવ્યું હતું તેનું અમારા હૃદયમાં ખૂબ આકર્ષણ હતું. કારણ કે અમે શિક્ષકો પાસેથી ઘણી ઘણી વાતો સાંભળી હતી. તે નગરનું નામ રાખવામાં આવ્યું હતું સુભાષનગર. તે નગરને જોવા અમે ત્યારે ગયેલા તેની યાદ આજે તાજી થઈ. તે વખતે કોંગ્રેસને વાંસદાના મહારાજાનો સારો સહકાર હતો. રાજાએ રથ આપ્યો હતો, તેમાં રથયાત્રા નીકળી હતી. બાવન બળદની જોડી તે રથને ખેંચતી હતી અને તે રથમાં આપણા મહાન નેતા સુભાષચંદ્ર બોઝ બેઠા હતા. તે દૃશ્ય મારા માનસપટ પર ખડું થતાં તે દિવસે મેં અદ્ભુત રોમાંચ અનુભવ્યો હતો. તે અધિવેશનની યાદગીરીરૂપે કેટલાંક ફોટાઓને ત્યાં જોઈને સુભાષચંદ્ર બોઝની જયના તે જમાનાના નારાઓ અવકાશમાં જાણે કે ગાજવા લાગ્યા હતા !

સશસ્ત્ર ક્રાંતિ કરીને બ્રિટિશ સલ્તનતને ભારતમાંથી ભગાડી મૂકવાનો નિર્ણય કરનારનું વ્યક્તિત્વ કેવું ભવ્ય હશે ! વળી બધું એકલે હાથે જ કરવાનું અને છાનીચોરીથી ભૂગર્ભમાં તૈયારી કરવાની ! મહાન આદર્શ કે ધ્યેય માટે મરી ફીટનાર આ જગતમાં કેટલા ? આધુનિક નેતાઓમાં તો એકે નહિ ! તેના હજારમા ભાગની ફનાગીરી પણ જોવા મળે તો આપણું સદ્ભાગ્ય ! બ્રિટિશ સરકારની આંખમાં ધૂળ નાખી આઝાદ હિંદ ફોજનું નિર્માણ કરનારની યાદથી અમારું મસ્તક નમી ગયું ! તેમના પર સરકારનો સતત પહેરો રહેતો. છતાં એક દિવસ ઘરની ફરતે લશ્કરનો પહેરો હોવા છતાં તેઓ કેવી રીતે દિવાલ કૂદીને ગાયબ થઈ ગયા હતા તેની નિશાનીઓ જોઈને રૂંવાડાઓ ખડાં થઈ ગયાં. તેમની હિંમત અજોડ હતી. તેમના નિર્ણયો પણ

ગજબના હતા. છાની ચોરીથી ભારત છોડી તેઓ કયાં કયાં ગયા હતા ને કોને કોને મળ્યા હતા તેના પુરાવાઓ પણ ત્યાં જોવા મળ્યા હતા. તેઓ હિટલરને જર્મનીમાં કેવી રીતે મળ્યા ને ત્યાંથી જાપાન કેવી રીતે ગયા તે ફોટાઓ પણ ઈતિહાસની ભવ્ય ગાથાઓના સાક્ષીરૂપે મૂક પડી રહ્યા હતા. તેઓ વિમાન દ્વારા જાપાન આવ્યા હતા ને તે વિમાન અકસ્માતમાં કેવી રીતે સપડાયું હતું તે જોઈને તો ઘણાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

એક લાખ માણસની ફોજ તેમણે એકલે હાથે કેમ કેમ તૈયાર કરી હશે ? કેટલી બધી મુસીબત વેઠી હશે ? કેટલું બધું ધન એકત્રિત કર્યું હશે ? એક લાખ માણસનો પહેરવેશ તેને આપવામાં આવેલી સાધનસામગ્રીઓ અને સૈનિકોના હૃદયમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલી દેશભક્તિ-એ બધાં મુદ્દાઓનો ખ્યાલ સુભાષચંદ્ર બોઝના સામર્થ્યની ઝાંખી કરાવનાર હતો. પૂર્વ-ઉત્તરના ખૂણેથી બર્મા બાજુએથી બ્રિટિશ હિંદ ઉપર તેમણે ચઢાઈ કરાવેલી તે નિર્ણય પણ દાદ માંગી લે તેવો ગણાય. તે વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. બીજા વિશ્વયુદ્ધમાં ઈંગ્લેન્ડની પરિસ્થિતિ ઘણી જ ખરાબ હતી. બ્રિટિશરોને માથે ત્યારે ઘણી મોટી જવાબદારીઓ હતી. બ્રિટિશ સલ્તનતનું લગભગ તમામ બળ હિટલર સામે રોકાયેલું હતું. તેવે વખતે સહેલાઈથી ભારત પર કબજો થઈ શકે તેવી ગણતરી કરી તેમણે આઝાદ હિન્દ ફોજ પાસે આક્રમણ કરાવેલું ને ખરેખર અચાનક આક્રમણથી લાભ પણ થયેલો. થોડો પ્રદેશ ઉતાવળે કબજે કરી પણ લીધેલો. બ્રિટિશરોની ઊંઘ હરામ થઈ ગયેલી. લોકોને તો એવી છાપ પડેલી કે હવે અંગ્રેજોનું આવી બન્યું ! પરંતુ કુદરતની ઈચ્છા કાંઈક જુદી જ હતી. વિમાની અકસ્માતમાં સુભાષબાબુનું અવસાન થતાં બાજી પલટાઈ ગઈ હતી. જીતેલો પ્રદેશ ફરીથી

અંગ્રેજોનો હાથમાં ચાલ્યો ગયો હતો ને પરિણામે આઝાદ હિન્દ ફોજે પીછેહઠ કરીને યુદ્ધનું મેદાન છોડી દીધું હતું.

પાછળથી આઝાદ હિન્દ ફોજ પર કેસ કરવામાં આવેલો. તે કેસ ભારતના તે વખતના સમર્થ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈની મદદથી જીતી ગયેલા. તે કેસના પરિણામથી અંગ્રેજોનું નૈતિક બળ તૂટી ગયું હતું. વળી તે વખતે અમેરિકા જેવા વિશાળ દેશના લોકોનો મત ભારતતરફી બની રહ્યો હતો તેથી અંગ્રેજ સરકારના પાયા હાલી ઊઠ્યા હતા એટલું જ નહિ પણ પાછળથી મુંબઈ બંદરે નૌકાસૈન્યમાં અચાનક જાગી ઉઠેલું તોફાન ને અસહકારની પ્રગટ થયેલી જોરદાર હવા બ્રિટિશ સરકારને છેલ્લી ચેતવણીરૂપ હતી. આ બધાં કારણોને લઈને ભારતને આઝાદી ઈ.સ.૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મી તારીખે આપવામાં આવેલી તે હકીકત સર્વવિદિત છે. આ રીતે ભારતને આઝાદી હાંસલ કરવામાં સુભાષબાબુના સઘળા પ્રયત્નોએ ઘણો વેગ આપ્યો હતો તેની યાદ તાજી કરી અમે સહુએ ગૌરવ અનુભવ્યું હતું.

મને તો 'પ્રકાશના પંથે'નું પેલું પ્રકરણ પણ યાદ આવી ગયેલું કે જ્યારે નેપાલી બાબા પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી આગળ ઐતિહાસિક ઘટના રજૂ કરતાં કહે છે કે છેલ્લી સિમલા પરિષદ વખતે સુભાષચંદ્ર બોઝ હિટલર સાથે છૂપાવેશે આવેલા ને તેમને ઓળખી કાઢેલ. નેપાલી બાબાએ તેમને માર્ગદર્શન આપી રવાના કરેલા તે પ્રસંગ મારા માનસપટ પર તાદશ થયો હતો. જંગલમાં તપશ્ચર્યા કરનાર સંતો પણ ભારતની આઝાદી માટે કેવી કેવી ખેવનાઓ કરતા હતા ને કેવી કેવી અનુપમ પ્રાર્થનાઓ કરતા હતા તેના પુરાવાઓ 'પ્રકાશના પંથે'માં છે. સ્થિતપ્રજ્ઞ દશાને પામેલા સંતોના અંતઃકરણમાંથી નીકળેલ આર્ત પ્રાર્થનાઓની તાકાત પણ ભારતને આઝાદી અપાવવામાં

કારણભૂત હતી તે કદી પણ વિસરાવું ન જોઈએ. સંતોના સંકલ્પનું બળ શું ઓછું આંકી શકાય ? પરમાત્માની સત્તા સંતો દ્વારા કાર્યરત રહેતી હોય છે તે કેમ ભૂલી શકાય ? ‘પ્રકાશના પંથે’માં તેનો પણ સૂક્ષ્મ ઈતિહાસ અનેક પ્રકરણોમાં વેરાયેલો પડ્યો છે તેની નોંધ આધુનિક ઈતિહાસકારો કદી લેશે ખરા ? ખબર નહિ. અમારા હૃદયમાં આવી બધી જ લાગણીઓ ને ભાવનાઓ, ગંગામાં ચણાનો એક જ દાણો નાખવામાં આવે ને નિર્દોષ માછલીઓ અનેકની સંખ્યામાં તરવરી ઉઠે તેમ સુભાષબાબુના બે માળના મકાનમાં આઝાદીની યાદ સાથે તરવરી ઉઠી હતી તે વ્યક્ત કરતાં અનેરો આનંદ થાય છે.

નીચેના વરંડા આગળ સુભાષબાબુ જે મોટરકાર વાપરતા હતા તે પણ જેવી ને તેવી દશામાં મૂકી રાખી છે. ઈ.સ.૧૯૪૩-૪૪ના જમાનાની એ મોટરગાડીની હાલત સારી હતી. જાળવણી સારી રાખવામાં આવી હતી. સિંહ સમાન તે વ્યક્તિત્વ આ ગાડીમાં બેસીને કલકત્તાના રસ્તાઓ પરથી પસાર થતું ને બ્રિટિશરોના કાળજામાં ભયની લાગણી ફરી વળતી એ હકીકતનું બયાન મૂક રીતે આ ગાડી ને આ આખુંય મકાન આપી રહ્યાં હતાં. જેની રગેરગમાંથી દેશ માટેનો વિશુદ્ધ પ્રેમ નિત્ય નીતરતો રહેતો હતો તેવા મહાન આત્માના ચરણરજથી જે ઘર પાવન થયું હતું તે ઘરની આસપાસના સમસ્ત પરમાણુઓ પવિત્ર થઈને આજે પણ સૂક્ષ્મ રીતે જેનું યશોગાન ગાતાં હતાં અને અમારા હૃદયમાં દેશપ્રેમની માત્રાઓ વધારતા હતા તે આત્માને લક્ષકોટિ પ્રણામ હો ! નિત્ય નિત્ય પ્રણામ હો ! ધન્ય છે ભારત ! ધન્ય છે ભારતની પ્રજા કે જેના ઉદ્ધાર માટે યુગે યુગે આવા મહાન આત્માઓ અવતાર ધારણ કરે છે !

**—શ્રીપરમાર્થી**

## ॥ બંદૂકની ગોળી કરતાં પ્રેમ અધિક સુંદર નથી ? ॥

બીજા વિશ્વયુદ્ધની વાત છે. રશિયા અને જર્મની વચ્ચે ભયંકર અથડામણ થઈ હતી. એમાં એક લાખથી વધારે રશિયન સ્ત્રીઓએ ભાગ લીધો હતો. યુદ્ધમાં માત્ર નર્સ કે સંદેશો પહોંચાડનાર તરીકે જ નહિ, પરંતુ ફ્રન્ટલાઈન સૈનિક તરીકે ભાગ લઈ રહી હતી. એની અંદર રહેલી માતા હત્યા કર્યા પછી હચમચી ઊઠે છે.

હા, સ્ત્રીને શણગાર ગમે છે. સ્ત્રી જ્યારે પોતાની જાતને કે ઘરને શણગારે ત્યારે પ્રફુલ્લન પામે છે. યુદ્ધમાં તો જ્યાં જુઓ ત્યાં લોહીનાં ખાબોચિયાં અને ઘાયલ સૈનિકોની આખરી મરમચીસ !

યુદ્ધના મોરચે આસોપાલવનાં તોરણો ક્યાંથી હોય, ત્યાં તો મૃત્યુથી બે ક્ષણ છેટા એવા સૈનિકોના આખરી ચિત્કારો અને કપાયેલાં ડોકાંના ઢગલા ! એ યુદ્ધમાં લડનારી અને કાપાકાપી કરનારી સ્ત્રીઓ પોતાની બંદૂકને શણગારતી અને બનીઠનીને લડવા માટે જતી !

એક રશિયન સ્ત્રીએ ઘણા જર્મન સૈનિકોને રક્ત ટપકતી ઝોળીમાં રવાના કર્યા. પાછળથી યુદ્ધકેદી તરીકે પકડાયેલા જર્મન ઓફિસરે રશિયન ઓફિસરને પૂછ્યું, 'આટલી ચોક્કસ નિશાનબાજી કરનાર તમારો એ સૈનિક કોણ હતો ? અમારા જે સૈનિકોને ગોળી વાગી હતી તે સૌને કપાળ પર જ ગોળી વાગી હતી. એ સૈનિકને હું મળી શકું ?' તરત જ એક રશિયન સ્ત્રીને રજૂ કરવામાં આવી. પાછળથી એ સ્ત્રી યુદ્ધમાં જ મૃત્યુ પામી !

કારણ જાણવા જેવું છે. એ સ્ત્રીએ કપાળે લાલ સ્કાર્ફ બાંધ્યો હતો. તેથી એ જર્મન સૈનિકોનું સરળતાથી નિશાન બની. ક્યારેક એવું પણ બનતું કે સ્ત્રી-સૈનિકોએ યુદ્ધમોરચે છેક આગલી હરોળમાં જવું પડતું. એમને શીખવવામાં આવેલું.

ક્યારેક એવું પણ બનતું કે બહુ ઓછી તાલીમ પછી સ્ત્રીઓએ યુદ્ધમોરચે જવું પડતું. એ સ્ત્રી આગળથી એક સિનિયર લશ્કરી અધિકારી પસાર થયા. એ સ્ત્રીને શું કરવું તેની સમજ ન પડી. છેવટે બંને હાથ કપાળ પર અડાડીને એણે સેલ્યૂટ કરી ! એક છોકરી

યુદ્ધમોરચે મૂંઝવણમાં પડી ગઈ ! એને પહેલીવાર ઋતુસ્રાવ થયો. એ ખૂબ જ ગભરાઈ ગઈ ! એને એમ થયું કે પોતે બહુ ઘાયલ થઈ છે.

લોહી જોઈને એ હચમચી ઊઠી. એને થયું કે એ ખૂબ જ ઘાયલ થઈ છે. ડૉક્ટરે એને વિસ્તારથી સમજ પાડી, પણ પછી ડૉક્ટર પોતે જ હલી ઊઠ્યો ! યુદ્ધની વિકરાળ વાસ્તવિકતા આશ્વાસન આપનારને પણ હચમચાવી ગઈ.

યુદ્ધમોરચે કામ કરી રહેલી એક નર્સ કપાયેલા અનેક હાથ અને છૂટા પડી ગયેલા પગ ઊંચકીને થાકી ગઈ.

ઘાયલ સૈનિકોની સારવાર કરીને એ સ્ત્રી એટલી તો હાલી ઊઠી કે પોતાના હાથપગ કપાઈ ગયા હોય એવાં દુઃસ્વપ્નો એને આવવાં માંડ્યાં. જાગીને જ્યારે એ પોતાના હાથપગ સલામત જોતી ત્યારે જ અને હાશ વળતી ! યુદ્ધ પૂરું થયું પછી રશિયાના લોકોએ આવાં દુઃસ્વપ્નોની બધી વાતો કરવાનું ટાળ્યું. યુદ્ધની કથા રમ્ય નથી હોતી. યુદ્ધના ઓથારથી મુક્ત એવી રશિયન પેઢીએ યુદ્ધની કરુણ વાતોને વાગોળી.

અમેરિકન યુનિવર્સિટીઓમાં વર્ષો પહેલાં હિંસા ફાટી નીકળી, ત્યારે શું બન્યું ? કૅમ્પસ પર સૈનિકો ગોઠવાઈ ગયા. એલિસન મોગ્રો નામની યુવતીએ કમાલ કરી ! એણે બંદૂક પર ફૂલ મૂકીને પૂછ્યું : ‘શું ગોળી કરતાં પ્રેમ અધિક સુંદર નથી ?’ પછી તો એ જ બંદૂકની ગોળીથી એલિસન ઢળી પડેલી. દુનિયાને પજવતા પ્રશ્નોમાં આ પ્રશ્ન પ્રથમ નંબરે ન આવે કે ? એલિસનનો આ પ્રશ્ન દુનિયાનો ‘યક્ષપ્રશ્ન’ છે. એક બાજુ જીવન અને બીજી બાજુ મૃત્યુ !

એક બાજુ તકરાર અને બીજી બાજુ ઝઘડો ! નણંદ અને ભોજાઈ વચ્ચે ઝઘડો ! સાસુ અને વહુ વચ્ચે તકરાર રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ! ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ! હજારો સૈનિકો મરે તોય સમાધાન ન થાય ? બધા પ્રશ્નોના જવાબ એલિસનના પ્રશ્નોમાં રહેલા છે. નવી પેઢી મહાત્માને જરૂર સમજશે. શું ગોળી કરતાં પ્રેમ અધિક સુંદર નથી ?

**—સૌજન્ય : શ્રીગુણવંત શાહ**

## ॥ ડ્રાય ફાસ્ટિંગ—નિર્જળા ઉપવાસ ॥

### (લેખકની કેફિયત)

ડૉ.સર્જી ફિલોનોવ તેમના 'ડ્રાય ફાસ્ટિંગ' (નિર્જળા ઉપવાસ) પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે, તેમ ડૉક્ટર કુટુંબમાં જન્મ્યા હોવાથી નાનપણથી ઘરમાં દવાઓ અંગેની ચર્ચાઓ-વાતચીતો નિયમિત સંભળાયા કરતી. આવા કૌટુંબિક વાતાવરણને લીધે તબીબી વિજ્ઞાનના મારા અભ્યાસનો રસ્તો સીધો જાણે દેખાતો હતો.

એક દિવસ હું અને મારા પિતાશ્રી ફરવા નીકળ્યા. ફરીને ચા પીવા કેટલાક મિત્રો સાથે બેઠા અને ત્યાં જિંદગીમાં પહેલી વાર મેં એક કૅન્સરનો દર્દી જોયો. એ અત્યંત દૂબળો હતો અને તેને અસહ્ય પીડા થતી હતી. એનાથી અત્યંત વિહ્‌વળ થઈ, ઘેર આવી, મેં મારી ડૉક્ટર માને પૂછ્યું કે, આ રોગમાંથી સાજા થવું ખરેખર અશક્ય છે ? અને તેણે કહ્યું; 'દુર્ભાગ્યે બીમારીની આ અવસ્થાએ આપણી ઔષધ હજી બિનઅસરકારક રહે છે.'

આઠમા ધોરણમાં મારા હાથમાં એક ચોપડી આવી, એમાં એક કૅન્સરગ્રસ્ત દર્દીએ વનસ્પતિ અને ઉપવાસથી તેનો ઉપચાર કર્યો હોવાની વિગત હતી. મેં વિચાર્યું, તો શરીરમાં આવાં બળો-ક્ષમતા છે; જે કૅન્સર જેવા ગંભીર-જીવલેણ રોગની સારવાર કરવા સમર્થ છે.

દરેક પરિસ્થિતિ માટે કુદરત પાસે ઉપાય હોવો રહ્યો. દરેક રોગ માટે શરીરમાં એવાં બળો હોવાં જોઈએ જે તેનો ઉપચાર કરી શકે. જુઓ કુદરતમાં પ્રાણીઓ પાસે હૉસ્પિટલો, દવાખાનાં

અને ડૉક્ટરો હોતાં નથી. તેઓ તેમની કુદરતી વૃત્તિથી રસ્તો કાઢે છે. કોઈપણ વનસ્પતિવિદ્ કરતાં તેઓ કયું ઘાસ કઈ ક્ષણે લેવું આવશ્યક છે તે વધારે સારી રીતે જાણે છે. એટલું જ નહિ, કેવળ ઉપવાસથી જ તેઓ પોતાનો ઉપચાર કરી લે છે.

મને ઉપચારના કુદરતી રસ્તાઓમાં વધારે રસ પડ્યો. હું ઉપવાસ, હિપ્નોસિસ, વનસ્પતિઓ, ઍક્યુપંક્ચર ઉપરનાં પુસ્તકો વાંચવા માંડ્યો; મને સમજાવા લાગ્યું કે, માણસ પોતે 'કુદરતી ફાર્મસી' છે, એના બંધારણમાં જ કોઈપણ રોગની સારવારની વ્યવસ્થા છે. કેવળ કુદરતી દવાઓ શોધી દર્દીને અને તેની ઇચ્છાશક્તિને તેમજ આખી વ્યવસ્થાને ફાયદો થાય એ રીતે પ્રયોજવાની જરૂર છે.

મૅડિકલ સ્કૂલમાં પ્રવેશવાનો મારો નિર્ણય અફર હતો પણ હું જાણતો હતો કે મને દવાખાનામાં બેસી ગોળીઓ લખવામાં રસ ન હતો. મારે એવી વિશેષતા સિદ્ધ કરવી હતી અને એવું જ્ઞાન મેળવવું હતું કે મારા ભવિષ્યના દર્દીઓ મને સહાયકર્તા નીવડે અને રોગનો ઉપચાર કરવા પોતાનામાં છૂપાયેલ વિપુલ ક્ષમતાનો ઉપયોગ કરે.

મારી મૅડિકલ ડિગ્રીના ચોથા વર્ષમાં એક અસ્થમાના દર્દીનું નિરીક્ષણ કરવા મારી નિમણૂક થઈ. જ્યારે હું તેના ઓરડામાં ગયો ત્યારે હું માની ન શક્યો, મેં ગુલાબી ઝાંયવાળો એક ચહેરો અને ચમકતી આંખો જોઈ. તે અસ્થમાના દર્દી જેવી બિલકુલ લાગતી ન હતી. હું તેની માફી માગી, કહેવા જતો હતો કે હું ખોટા ઓરડામાં પ્રવેશ્યો છું. પણ મેં એનું નામ પૂછ્યું અને હું સાચી જગ્યાએ હતો એમ જણાયું !

તેણે કહ્યું; ‘આશ્ચર્ય ન પામશો કે હું અસ્થમાના દર્દી જેવી દેખાતી નથી. હું ૨૨ દિવસના ઉપવાસના કોર્સ પર છું, બસ હવે એનો અંત આવવામાં છે. ઉપવાસના દસ દિવસ બાદ મને અસ્થમાના હુમલા આવવા બંધ થયા છે. અને ઈનહેલર વાપરવાનું બંધ કર્યું છે.’

તેના દેખાવ અને તેની શ્વસનક્રિયાએ મને પ્રભાવિત કર્યો. ઉપવાસ પર પુસ્તકોમાં વાંચવું જુદી વાત છે અને વાસ્તવમાં તેનું પરિણામ જોવું બીજી વાત છે. આ મુલાકાત પછી મેં નિશ્ચિત રીતે નિર્ણય કર્યો કે; ‘આ અદ્‌ભુત ટૅકનિક વિશે મારે બધું જ જાણવું છે, અને એમાં જ નિષ્ણાત થવું છે.’

પ્રૉ.નિકોલેયેવના ‘ફાસ્ટિંગ ફોર હૅલ્થ’ પુસ્તક વાંચ્યા પછી મેં અને મારી યુનિવર્સિટીના ગ્રૂપે પહેલાં જ્યૂસ અને પછી જળ પર ઉપવાસ કર્યો. એ ઉપવાસ પછી મને મારું માથું હલકું, નિર્ભાર લાગ્યું, સ્મૃતિમાં સુધારો જણાયો, અને ભય વિના, ડર વિના પરીક્ષા આપવા જઈ શક્યો.

સૂકા(નિર્જળા) ઉપવાસ (dry tasting) મારા પોતાના અંગત અનુભવ પ્રમાણે બધા જ ઉપવાસોમાં અત્યંત અસરકારક પદ્ધતિ છે. પણ તમે જો યોગ્ય રીતે તૈયાર ન હો અને તેને યોગ્ય રીતે અમલમાં ન મૂકો તો એ બહુ જોખમી થઈ શકે.

યાદ રાખો : માણસ કંઈ પણ સહન કરી શકે જો તે એનું કારણ જાણે અને કયા હેતુથી તે એ કરી રહ્યો છે; તે વિશે તે સભાન હોય.

**—સૌજન્ય : ડૉ.સર્જી ફિલોનોવ**

**(ગુજરાતી ભાષાંતર)**

## ।। 'વ્યક્તિગત સાધનાપર્વ ૨૦૨૫' ।।

સાધના અને સ્વર્ગારોહણ એ એકબીજાના પર્યાય છે, તેમ પૂજ્યશ્રી'મા' અને સાધના પણ એકબીજાના પર્યાય છે. પૂજ્ય શ્રી'મા' સતત સાધનાપંથે નિતનવા પ્રયોગો કરી પોતાની સાધનામાં સતત ૨૪ X ૩૬૫ દિવસ કાર્યરત રહે છે. પૂજ્ય શ્રી'મા' સૌ સાધકોને સાથે લઈ સાધનાના પથ ઉપર આગળ ને આગળ કલ્યાણ પથ પર લઈ જવા માગે છે બાકી સાંપ્રત સમયમાં કયા સદ્‌ગુરુશ્રીને પોતાના સાધક સ્વજનો માટે આવી ચિંતા હોય ? પૂજ્ય શ્રી'મા' સતત સાધક સ્વજનોના મનઅંતરે એ સત્ય ઉજાગર કરવા માગે છે કે આ આશ્રમ છે, આ તપોભૂમિ છે તો આ ભૂમિ પર સતત સાધનાના પ્રયોગો જ શોભેને ! એટલે પૂજ્યશ્રી'મા' અવનવા પર્વ આયોજિત કરીને સાધના કરવા સૌને આમંત્રિત કરે છે. સ્વયં સતત સાધનામાં રત રહી આપણને સાધના કરવા શ્રેષ્ઠ દૃષ્ટાંત પૂરું પાડે છે, કે સાધનામય જીવન જીવો, સંસારના એકધારા જીવનમાંથી બહાર નીકળી સ્વયંને ઓળખવાની, સ્વયંને જાત સાથે જીવવાની ટેવ પાડો અને તેના ફળસ્વરૂપે જૂન ૨૦૨૫ના મહિનામાં અલગ અલગ તારીખોમાં વ્યક્તિગત સાધના પર્વ–૨૦૨૫ ઉજવવામાં આવ્યું.

પહેલું વ્યક્તિગત સાધનાપર્વ તારીખ ૧ જૂનથી ૭ જૂન ૨૦૨૫ સુધી હતું. ત્યાર બાદ ૧૫ જૂન થી ૨૨ જૂન અને ૨૨ જૂન થી ૨૯ જૂન સુધી આયોજિત કરવામાં આવ્યું હતું.

આ ઐતિહાસિક વ્યક્તિગત સાધના પર્વ–૨૦૨૫માં એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો જે કદાચ સ્વર્ગારોહણતીર્થમાં પ્રથમ વખત જ લેવામાં આવ્યો હતો કે બધાએ પોતાના મૉબાઈલ ફોન ઓફિસમાં જમા કરાવી દેવાના હતા. અને આ ઘણી જ અઘરી બાબત હતી કે જેમ 'મા' પોતાના બાળકની ભીડમાં આંગળી પકડી રાખે કે રખે ને બાળક છૂટો પડી ન જાય તે માટે અને જેમ આ દુનિયામાં વિવિધ જુગલ જોડીઓ હોય તેમ માણસ અને મૉબાઈલની પણ જુગલજોડી થઈ ગઈ છે. તેને તોડવી

અઘરી છે. પણ પૂજ્ય શ્રી'મા'એ એક ક્ષણમાં જ તે માયા સૌ સાધકોની છોડાવી દીધી અને આ પૃથ્વીપટે થતી સૌ ઘટનાઓ સાધકોના જીવનમાં જાણે થંભી ગઈ હતી. અને આ ઘટનાથી અનેક ઘણા ફાયદા થયા હતાં. આ મૉબાઈલમાં આવતાં ખરાબ દ્રશ્યો જોવામાંથી બચીને નેત્રોની રક્ષા થઈ શકી, અને ખરાબ શ્રવણ કરવામાંથી બચીને આ કર્ણની પણ રક્ષા થઈ. દુનિયામાં કોઈ સારી ખરાબ ઘટનાઓ જાણે બનવાની જ બંધ થઈ જવાથી મન સતત શાંત રહેવા લાગ્યું. જેથી મનની રક્ષા થઈ અને એના લીધે તન પર કોઈ ચિંતા ન કરવાને લીધે તનની પણ રક્ષા થઈ. અને મન એના વિકલ્પ રૂપે સાહિત્ય તરફ વળવા લાગ્યું. જેથી સારું વાંચન કરી મનઅંતરે અને વિચારોમાં પરિવર્તન થવાનું પ્રારંભ પામ્યું. જીવન મૉબાઈલ આધારિત પરાવલંબી બની ગયું હતું તે સ્વાવલંબી બનવા લાગ્યું. નિયમિત નિદ્રાદેવી પણ પ્રસન્ન થઈ પોતાનું મહત્ત્વ સમજાવી ગયાં. તો સવારે પણ સરસ પ્રસન્ન થયેલ નિંદ્રાદેવીથી ધ્યાનથી બેઠકમાં પણ ધ્યાન કરવાનું મનને રુચિકર લાગ્યું.

પૂજ્ય શ્રી'મા' સાથે ૨૦૨૩ થી ૨૦૨૫ સુધીમાં કરેલી ત્રણ યાત્રામાંથી કોઈપણ એક યાત્રામાં સહભાગી થયાં હોય તે સૌને કોઈપણ એક વિભાગમાં ફરજિયાત વ્યક્તિગત સાધનાપર્વમાં ભાગ લેવા સ્વતંત્ર હતા. તે મુજબ સૌએ પોતાની અનુકૂળતા મુજબ નામ નોંધાવ્યાં હતાં.

સાધનાપર્વમાં સ્વર્ગારોહણતીર્થમાં નિત્ય ધ્યાન પ્રાર્થના, વંદના, પ્રણામ તો હતાં જ પણ પૂજ્ય શ્રી'મા' દિવસમાં વર્ષારાણી પ્રસન્ન ના હોય તો ત્રણ વખત જપયાત્રા અને એક આરોગ્યયાત્રા આકાર પામતી. જપયાત્રા ૩૦ મિનિટથી લઈને એક કલાક સુધીની રહેતી. અને આરોગ્યયાત્રા ૩૦ મિનિટથી લઈ ૪૫ મિનિટ સુધીની રહેતી.

જપયાત્રામાં એક વિશેષતા એ હોય કે પૂજ્ય શ્રી'મા' વિભિન્ન મંત્રો સ્વર્ગદ્વારેથી પ્રસારિત કરી અને સ્વયં સતત સ્વર્ગદ્વારે ધીમી મક્કમ ચાલે જપ કરતાં દશ્યમાન થતાં. સાધકો એકધારા તેમને જોતા રહેતા. અને પોતાના મનને કેન્દ્રિત કરવાની કોશિશ કરતા

રહેતાં. ઘણાં જપ કરતાં કરતાં પૂજ્ય શ્રી'મા'ને પ્રણામ પણ કરતાં રહેતાં. પૂજ્ય શ્રી'મા'ને નિહાળવાનું જાણે સૌ સાધકો નેત્રોનું તપ સૌ કરતાં હોય તેમ જ દ્રષ્ટિગોચર થતું. તેમજ સુંદર કર્ણપ્રિય ભજનો જાણે કર્ણનું તપ ભાસતું. અને સતત ચાલતા રહેવાનું એ જાણે પગનું તપ હોય તેમ અનુભવાતું. અને સૌ 'મા'મય થવાની કોશિશ કરતા હોય તેમ અનુભવાતું.

આરોગ્યયાત્રામાં ખૂબ ખૂબ વિવિધતા જોવા મળતી. એક તાલબદ્ધ રીતે સૌ દોડતાં રહેતાં. પૂજ્ય શ્રીપ્રભુ આગળ દોડતા હોય અને તેમને પકડી પાડવા તેમની પાછળ પાછળ ધીમે ધીમે દોડતાં હોઈએ તેમ અનભવાતું. અને ૧૫ કે ૨૦ મિનિટ પછી પૂજ્ય શ્રી'મા' એવા સરસ ગરબા અને ધૂનો ભજનો પ્રસારિત કરે કે સૌના પગ નૃત્ય કરવા તત્પર થાય અને જે મસ્તી અનુભવાતી સૌ જાણે નાનાં બાળકો હોય તેમ દેહભાન ભૂલી ગરબા રમવા માંડતાં સૌને પોતાની મસ્તી હતી. પણ સૌ પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કરવાનું ચૂકતા નહિ. બધા જ પ્રયત્ન કરતા 'મા' સાથે સતત દોડી શકે પણ તે પછી પણ ના દોડી શકે તો એકબાજુ ઊભાં રહી પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કરતાં રહેતાં. અને સૌ પરસેવે રેબઝેબ થઈ અને આ દોડના પરિશ્રમને અંતે પૂજ્ય શ્રી'મા' પાસેથી પ્રસાદ પામતાં પોતાની જાતને અત્યંત ધન્યવાન હોવાનો ગર્વ અનુભવતા. હે 'મા' આપનો ખૂબ ખૂબ આભાર, આ બધી પ્રવૃત્તિથી બેઠાડુ જીવનમાં જાણે સ્ફૂર્તિનો અમૃતરસ પીવડાવો છો. એમ જ થતું, અને શરીરમાં એક શક્તિપાત સંચાર કરી આપો છો તેમ સૌ સાધકો સતત અનુભવતા હતા. અને ચૉકલેટના પ્રસાદના વરસાદમાં ન્હાવા સૌ બાળકો, યુવાનો, વયસ્કો અને વૃદ્ધો સૌ એકસરખા બની પ્રસાદ લૂંટવા તત્પર બની જતા જોવાની મજા જ કંઈ ઑર હતી. આવે તે જ માણે.

આ વખતે અમે અને સ્નેહલભાઈએ નક્કી કર્યું હતું કે વરસાદમાં પ્રભુને પ્રણામ કરવા છે. પણ પ્રણામસમયે વર્ષારાણી પ્રસન્ન થતાં ન હતાં અને એક દિવસે પૂજ્ય શ્રી'મા'ની કૃપા થઈ અને વર્ષારાણી સવારની બેઠકમાં અતિ પ્રસન્ન થયાં અને મેં અને

સ્નેહલભાઈએ ત્વરિત નિર્ણય લીધો અને હૉલની બહાર ખુલ્લામાં સાષ્ટાંગ પ્રણામ ચાલુ કર્યા અને પૂજ્ય શ્રી'મા'ને પ્રાર્થના કરી 'હે મા, પ્રણામ સ્વીકારજો' અને ત્યાં જ થોડી વારમાં દિપુબહેનનો અવાજ સંભળાયો તેમણે પૂછ્યું કે પૂજ્યશ્રી'મા' કહે છે આ પ્રસાદ તમે લાવ્યા (તેમણે હાથમાં થેલી ઊંચકીને) છો ? અને પેલી પ્રાર્થના યાદ આવી કે પૂજ્ય શ્રી'મા'ને કરેલી કે પ્રણામ સ્વીકારજો. તો આ પ્રણામનો સ્વીકાર થયો. અને પ્રાર્થના સંભળાય છે તે પણ અનુભવાય. હે 'મા', સ્વર્ગારોહણતીર્થમાં આવીને આ શરીર અલગ જ શરીર છે તેમ અનુભવાય છે. અને સાત્ત્વિક સર્વ સંકલ્પ સૌ સાકાર થાય છે જ. તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી જ.

પૂજ્ય શ્રી'મા'એ સૌ સાધકો માટે ભોજનના કોઈ પ્રતિબંધ નથી લગાવ્યા. પરંતુ સ્વયં પાંચ દિવસમાંથી નારિયેળ પાણી અને નિર્જળા વ્રત અને પાણી પર વ્રત ધારણ કરી પાંચ પાંચ કલાક પ્રાર્થનામાં વિતાવતાં, નિયમિત ૨૨૫ પ્રણામ અને ૫૦૦ માળા તો કરતાં જ હતાં. અને સાથે આરોગ્યયાત્રા અને જપયાત્રામાં સ્વર્ગદ્વારેથી સૌને દર્શન સુખનું દાન ધરતાં અને આ પામર જીવો પર સતત કૃપાવરસાદ વરસાવતા રહેતાં. પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કરવા તે પણ ત્યાં હાજર સૌનું પરમ સદ્‌ભાગ્ય હતું.

સાધકોને એકધારી સાધનામાં રત રાખીને સાથે સાથે અનેક સંતજીવનના ચરિત્રોને ઉજાગર કરતાં ચલચિત્રોનાં સૌને દર્શન કરાવતાં, સંત જ્ઞાનેશ્વર, સંત સમર્થ, અને મીરાંબાઈ તેમજ દેશભક્તિને જાગ્રત કરવા વંદનયાત્રા તેમજ વિશ્વગુરુ શ્રી મોદીજીના જીવનદર્શન કરાવ્યાં. ધૂન-ભજનના કાર્યક્રમો યોજી અને બાળકોને શ્રીનાથજી યાત્રામાં મોકલીને એ સૌની તૃષા શાંત કરી દે છે.

'હે મા, આપ આવાં પર્વનાં આયોજન કરી અમને સૌને સાધનામાર્ગે યાત્રા કરાવતાં રહેજો. અને આપના તપોમય જીવનમાંથી અમે સૌ પણ પ્રેરણા લઈ થોડી થોડી સાધના કરી ભાથું બાંધવાનો પરિશ્રમ કરીએ અને આપ એ માટે અમ સૌ પર કૃપા-આશીર્વાદ વરસાવજો. અને એવી અનુકૂળતા ધરજો.'

**—શ્રીઅશ્વિન કાકા**

## ॥ પિંજર પ્રભુએ પ્રેમે ઉઘાડ્યું ॥

પિંજર પ્રભુએ પ્રેમે ઉઘાડયું
ઉજ્જ્વળ ભાવિ સંતોએ ભાખ્યું, ઉડવાનું સમજાવ્યું.
પિંજર પ્રભુએ....
બાળને અંકથી નીચે ઉતાર્યું ચાલતાં એને શીખવાનું,
હળવે હળવે પિંજર છોડયું, આકાશે એ તો ઉડયું.
પિંજર પ્રભુએ....
ઉડતાં ઉડતાં સ્મરણે ચડયું, પહાડમાં પાછું ઉડતુ,
વારે વારે પિંજર ગમતું, દુઃખ દર્દ એ સહેતું.
પિંજર પ્રભુએ....
સંત હૃદય સ્મરણ છોડાવા મથતું, પ્રાર્થતું ને કરગરતું,
ને યુકિત કરી ઉડાડવાનું મા સર્વેશ્વરીને સોંપ્યું.
પિંજર પ્રભુએ....
વારે વારે છટકવાનું, યાત્રાનું બહાનું બતાવ્યું,
હેત ધરીને હૈયું ધરવાનું, મા સર્વેશ્વરીને ફાવ્યું.
પિંજર પ્રભુએ....

- પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી
(રાગ- અમે તો ગુરુના ઘરમાં રહીએ...)

Regd. No. : BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

"ભક્ત કોઈનું બુરું કરતો નથી,
કરવાની ઈચ્છા રાખતો નથી,
કરી શકતો નથી.
તે તો સમસ્ત સંસારનું,
જીવમાત્રનું મંગલ જ ચાહે છે."

- પૂ. શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68.
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-